# જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page :32


JAGRUTI SANDESH


Vol 16 Issue No. 02 - Mumbai FEBRUARY 2016

## પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર






PRESENTING INDIA'S FIRST PYRAMID ENERGY VILLAS.
A SECOND HOME PROJECT OFFERING LUXURIOUS 3 & 4 BHK VILLAS.
Arham Villas
Manor
▪ JACUZZI IN EVERY VILLA
▪ PRIVATE GARDEN & TERRACE
▪ STATE-OF-THE-ART CLUB HOUSE
▪ 82 KMS FROM AIRPORT
▪ 1 KM FROM NAGESHWAR DHAM TIRTH
PYRAMID ROOM
PRIVATE JACUZZI
PHASE I SOLD OUT ▪ BOOKINGS OPEN FOR PHASE II ▪ SPECIAL OFFER FOR JJC MEMBERS*
*For limited period only.
▪ HIGHWAY TOUCH PROJECT ▪ HILLTOP LOCATION ▪ CONSTRUCTION IN FULL SWING ▪ PROJECT APPROVED BY SBI AND ICICI
A Project by
Vasudha
BUILDERS LTD.
Call: 8698 005588, 8698 006688, 8698 007788
Site Add.: Next to Manor Telephone Exchange, Mumbai-Ahmedabad Highway No. 8, Manor, Dist-Palghar.
▪ sales@vasudhabuilders.com ▪ www.arhamvillas.com
ADVT.

**જૈન જાગૃતિ સેન્ટર**
**સેન્ટ્રલ બોર્ડ**
**જાગૃતિ સંદેશ**



૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com



માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**

**કેબિનેટ કમિટી**

ચૅરમૅન : શ્રી સંજય બી. શાહ
તા.ભૂ.પૂ.ચૅરમૅન : શ્રી રમેશભાઈ જે. મોરબિયા
ફાઉન્ડર ચૅરમૅન : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા
વાઈસ ચૅરમૅન : શ્રી પ્રફુલ્લ વી. કામદાર
શ્રી પ્રવીણ એ. શાહ
સેક્રેટરી જનરલ : શ્રી કિશોર એસ. શેઠ
સેક્રેટરી : શ્રી જયંતીલાલ કે. છાડવા
શ્રી ઉદય ડી. સંઘવી
શ્રી અનિલ જી. દોશી
શ્રી વિજય એચ. મહેતા
ડેવલપમેંટ સેક્રેટરી : શ્રી રમેશ એમ. સંઘવી
ખજાનચી : શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી રાજેશ આર. ભણસાલી
તંત્રી : શ્રી ચંદ્રકાંત એફ. શાહ

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

ચૅરમૅન : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી
તા.ભૂ.પૂ.ચૅરમૅન : શ્રી કિશોર એન. શાહ
વાઈસ ચૅરમૅન : શ્રી રમેશ જે. મોરબિયા
સેક્રેટરી : શ્રી સંજય બી. શાહ
સેક્રેટરી : શ્રી પ્રફુલ્લ વી. કામદાર
ખજાનચી : શ્રી હસમુખ કે. દેઢિયા

**: ટ્રસ્ટીઓ :**

શ્રી પ્રવીણ જી. શાહ — શ્રી કમલેશ સી. શાહ
શ્રી કિશોર એસ. શેઠ — શ્રી હર્ષદ જે. ગાંધી
શ્રી જયંતી કે. છાડવા — શ્રી નીતિન એમ. સંઘવી
શ્રી રસિક એન. કોઠારી — શ્રી શૈલેશ ડી. શાહ
શ્રી રાજેશ આર. ભણસાલી — શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી પ્રવીણ એ. શાહ — શ્રી રવજી જી. ગાલા
શ્રી અનિલ જી. દોશી — શ્રી રમેશ એમ. સંઘવી

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



**છૂટક મૂલ્ય રૂા.૫/-  વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**


## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો**

જય જિનેન્દ્ર,

આપણા સંતો-મહંતો-વિચારકો અને વ્યવહારુ અભિગમ ધરાવતા લોકોએ એક સરળ વાત આપણને સમજાવી છે, 'જે આપે છે તે જ કાંઈક પામે છે.' આ તો એક સનાતન સત્ય છે. જેનામાં આપવાની ભાવના પ્રબળ હોય છે તેઓ જ સમાજના સન્માનને પાત્ર બને છે. જેઓએ આપ્યું છે તેઓ જ મહાન બન્યા છે. આપણે જીવનમાં અન્યને જેટલું માન-સન્માન આપીએ તેનાથી અનેક ગણું સન્માન સમાજ આપણને આપે છે.

આજે 'Valentine Day' – જગતભરના લોકો આ દિવસ દિલથી ઊજવી રહ્યા છે. ખરેખર આ આપણો પરંપરાગત સાંસ્કૃતિક તહેવાર નથી, પરંતુ ઘણાબધા Events આપણે પશ્ચિમના દેશોમાંથી Import કર્યા છે તે જ રીતે આ તહેવારનું પણ માહાત્મ્ય આપણે સ્થાપી દીધું છે.

ધીમેધીમે યુવાનોમાં પ્રસરતી આ ઉજવણીએ તહેવારનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. શોપિંગ મૉલ-માર્કેટ વેલેન્ટાઈન Gift આઈટમોથી ઊભરાઈ ગયાં છે... ખરેખર તો થોડીક ગેરસમજણ છે. આપણે સ્વાભાવિકપણે માની લીધું છે કે આ યુવાપ્રેમને જ અભિવ્યક્ત કરતો તહેવાર છે, પણ એવું નથી. 'પ્રેમ'ના તો ઘણા પ્રકાર છે. 'મા'નો સનાનત વાત્સલ્ય પ્રેમ, સહોદરોનો ઘેરો પ્રેમ, સંતાનોનો નિર્દોષ પ્રેમ, ભાઈ-બહેનોનો નિઃસ્વાર્થ પ્રેમ વગેરે વગેરેથી વિસ્તરીને સમાજ પ્રત્યે પ્રેમ, રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ અને હાલમાં તો વિશ્વપ્રેમ-વિશ્વના દરેક જીવ પ્રત્યે પ્રેમ. કેટલાક લોકોએ સંકુચિતતાના ચોકઠામાં 'પ્રેમ' શબ્દને આભડછેટ આપી અસ્પૃશ્ય બનાવી દીધો છે.

મૂળ તો યુરોપના એક પ્રેમથી નફરત ધરાવતા રાજવીએ પ્રેમના ફેલાવાનો સંદેશ પ્રસરાવતા વેલેન્ટાઈનને મૃત્યુદંડ આપ્યો ત્યારથી તેની યાદમાં વેલેન્ટાઈન-ડે ઊજવવામાં આવે છે.

એક વાર ૧૪ ફેબ્રુઆરીના રોજ જેજેસી-વિલે પાર્લેના કાર્યક્રમમાં સ્ટેજ પરથી દાદાજીએ Valantineની મહત્તા સમજાવતા દરેક હાજર રહેલા સભ્યોને સંબોધીને કહ્યું, 'I Love You All', ત્યારે આ પ્રસંગની મહત્તા મને અસર કરી ગઈ. આજે મારા વિશાળ પરિવારના બધા જ સભ્યોને હું સંદેશો આપું છું, 'I Love

Everybody'. ભગવાન તમને કાયમ માટે પ્રેમાળ રાખે.

વિશાળ પરિવારનો ઉલ્લેખ કરું ત્યારે એ સુખદ્ પ્રતીતિ થાય કે ૧૯૭૫માં ફક્ત ચાર જ મિત્રોએ જોયેલા સંયુક્ત સ્વપ્નમાંથી જન્મેલું 'જૈન જાગૃતિ સેન્ટર' આજે એક વિરાટ વિરાસતમાં ફેરવાઈ ગયું છે. સમાજમાં ઉન્નતભર્યું સ્થાન લઈ લીધું છે. વારસાગત સંસ્કારોમાં એક નવું પરિમાણ ઉમેરાઈ ગયું છે. માનવસેવા, જીવદયા વગેરે ઉપપવીતોમાં 'ઍજ્યુકેશન' – ભણતર - શિક્ષણપવીત ક્રિયાનું વાવેતર થઈ શક્યું છે.

આજે 'જૈન જાગૃતિ સેન્ટર'ના થીમ પ્રોજેક્ટ 'હાયર ઍજ્યુકેશન અભિયાન'ને ફક્ત જૈનોની જ નહિ, પણ ઈતર સમુદાયની માન્યતા - (Recognisation) મળી રહી છે. ફક્ત સમાજની શુભેચ્છા જ નહીં, પણ પૂજ્ય સાધુ-ભગવંતોના આશીર્વાદ પણ પ્રાપ્ત થઈ રહ્યા છે. જે કાર્ય અમારા સેંકડો શબ્દો કે પ્રયત્નો ન કરી શકે તે સાધુ-ભગવંતોના એક ઉલ્લેખથી અનેક ગણું પરિણામલક્ષી બની જાય છે. સાધુ-ભગવંતોનો એક જ સંદેશ તેમના વિશાળ ભક્તગણ માટે આદેશ બની જાય છે.

આ અંક આપના હાથમાં આવશે ત્યારે દેશનું ૨૦૧૬-'૧૭નું અંદાજપત્ર (બજેટ) નાણાપ્રધાને રજૂ કરી દીધું હશે. બજેટમાં હવે પહેલાં જેવા ધડાકા થતા નથી, કારણકે નાણાં નીતિ, આયાત-નિકાસ કે ટૅક્સ સ્ટ્રક્ચર હવે બજેટ પૂરતાં સીમિત નથી રહ્યાં. વર્ષના ગમે તે સમયે આમાં ફેરફાર આવે છે. પેટ્રોલિયમ પ્રોડક્ટમાં છાશવારે વધારો આવે છે જે સમગ્ર ઈકૉનોમીને છિન્નભિન્ન કરી નાખે છે. વર્ષો બાદ પણ આપણે કોઈ સારો હોશિયાર નાણાપ્રધાન શોધી શક્યા નથી જે મોંઘવારીને નાથી શકે ને ઈકૉનોમીને સ્થિર કરી શકે અને આમવર્ગને રાહત આપી શકે. તેની સામે આપણા પાડોશી દેશ ચીને છેલ્લાં પંદર વર્ષમાં સામ્યવાદના વાઘા ફેંકી દઈને એવો સર્વાંગી વિકાસ કર્યો કે આંતરરાષ્ટ્રીય તખતા પર અમેરિકા જેવા માતબર રાષ્ટ્રને હંફાવી ઈન્ટરનૅશનલ બિઝનેસમાં આગળ નીકળી ગયું. એક સમય એવો હતો કે આપણે સવારના બ્રશથી લઈ પેન્સિલ/રબ્બર જેવી સામગ્રી, ઈલેક્ટ્રોનિક્સ વગેરે જાપાનથી આયાત કરતા! આજે તો સવારથી સાંજ સુધી લગભગ બધી જરૂરિયાતો પર Made in China લખેલું હોય છે. ૧૫ વર્ષમાં આવી હરણફાળ કઈ રીતે કરી? વિસ્તારવાદી માનસ હોવાને કારણે તેણે આપણા કેટલાય પ્રદેશ પર દાવો કરી લીધો છે તે હિસાબે તે આપણો દુશ્મન પાડોશી કહેવાય, પરંતુ ધંધાકીય દૃષ્ટિથી એ આપણો હરીફ જ છે. આપણે કેમ આવી પ્રગતિ કરી શકતા નથી? આપણી પાસે બધા જ સ્રોત છે, છતાં આપણા કાયદા અને જડ બ્યૂરોક્સી આપણી પ્રગતિને રૂંધી રાખે છે અને રાજકારણીઓની ખાયકીએ આપણી ઈકૉનોમીને ખોખરી કરી નાખી છે. મારા મત પ્રમાણે ચીને જે રીતે છેલ્લા દશકામાં પ્રગતિ કરી છે તેનો અભ્યાસ કરવા આપણા યુવાન Intellictualsને અમેરિકા અથવા યુરોપ મોકલવાને બદલે અભ્યાસાર્થે ચીનમાં મોકલવા જોઈએ.

છેવટે સરકાર જાગી ઊઠી છે. દિલ્હીની પીડિતાની સહાદતને પગલે કાયદામાં ફેરફાર કરતો વટહુકમ જારી થયો. હવે કદાચ અપરાધીઓને કડક સજા થશે. હજી આ કિસ્સામાં જેણે ભયંકર જુલમ કર્યાનું કહેવાય છે તે અપરાધીઓને કડક સજા થશે. હજી આ કિસ્સામાં જેણે ભયંકર જુલમ કર્યાનું કહેવાય છે તે અપરાધી જુવેનાઈલ (કિશોર ઉ. ૧૭ ૧/૨) છે તે કડક સજામાંથી બાકાત રહી શકે છે. હવે જુવેનાઈલની વ્યાખ્યા બદલવાની જરૂર છે, કારણકે Maturityની ઉંમર નીચે ગઈ છે. આજકાલ ઘણાબધા ગંભીર ગુનાઓમાં જુવેનાઈલ સંકળાયેલા હોય છે. આ સાથેસાથે કાયદામાં ફેરફાર થાય એ ઈચ્છનીય છે, પણ મને એક પ્રશ્ન ચોક્કસ સતાવે છે. દિલ્હીના કહેવાતા અપરાધીઓ કોઈ માલેતુજાર વ્યક્તિના નબીરા હોત કે કોઈ રાજકારણીઓના સપૂતો (!) હોત તો? કાયદામાં ફેરફાર થયા હોત તો?

આ અંક પ્રિન્ટિંગમાં જઈ રહ્યો છે ત્યારે ડીસામાં નવા પ્રમુખનું પદાર્પણ, સુરેન્દ્ર નગરમાં સમૂહલગ્ન, ગોંડલમાં લેડીઝ વિંગની સ્થાપના, બરોડા કલા નગરી યુવા મેળો તથા કાંદિવલી મુંબઈમાં યુવા મેળો મહોત્સવ ઊજવી રહ્યું હશે. સર્વ સભ્યોને સેન્ટ્રલ બોર્ડ વતી મારાં અભિનંદન સહ શુભેચ્છા...

*લિ. સંજય બી. શાહ*
*ચૅરમૅન: જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૧૪-૧-૧૬ | 'એક selfie સજોડે' - નાટક | ★ |
| | : | ૨૬-૧-૧૬ | 'Airlift' - ફિલ્મ | ◈ |
| ● બોરીવલી | : | ૨૭-૧-૧૬ | 'Unplugged Rock Star' - ઑર્કેસ્ટ્રા | ★ |
| | : | ૩૧-૧-૧૬ | 'એક selfiec સજોડે' – નાટક | ✦ |
| ● ભાંડુપ-વિક્રોલી | : | ૨૦-૧-૧૬ | 'મીટ મેલોડી' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● ચેમ્બુર | : | ૨૫-૧-૧૬ | 'ઉંમર છે એન્ટિક પણ દિલ છે રોમેન્ટિક' - નાટક | ★ |
| ● દાદર | : | ૧૮-૧-૧૬ | ' કોડ મંત્ર' – નાટક | ◈ |
| ● દહિસર | : | ૧૯-૧-૧૬ | 'સૂફી કવ્વાલી' - | ◈ |
| ● લેડીજ વિ. એલીઝ બ્રિજ અમદાવાદ | : | ૧૦-૧-૧૬ | 'ફાર્મ હાઉસ' - સ્નેહમિલન | ★ |
| ● લેડીજ વિ. સેન્ટ્રલ મુંબઈ | : | ૦૪-૧-૧૬ | 'ન્યૂ ડ્રામા' - નાટક | ◈ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૨૦-૧-૧૬ | 'મીટ મેલોડી' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● જુહુ | : | ૧૩-૧-૧૬ | 'હાફ ટિકિટ' - ફિલ્મ | ◈ |
| | : | ૦૬-૧-૧૬ | 'અર્ધસત્ય' - નાટક | ◈ |
| | : | ૦૭-૧-૧૬ | 'રંગ કસુંબલ' – ડાયરો | ✦ |
| | : | ૧૨-૧-૧૬ | 'નટસમ્રાટ' - ફિલ્મ | ◈ |
| | : | ૨૨-૧-૧૬ | 'નૈના બરસે સાધના' - ગીતમાલા | ◈ |
| | : | ૨૬-૧-૧૬ | 'બેબો' - નાટક | ✦ |
| ● જુહુ બીચ | : | ૦૯-૧-૧૬ | 'તુષાર ત્રિવેદી' – મ્યુઝિકલ શો | ★ |
| | : | ૨૦-૧-૧૬ | 'શ્રી હિમેશ રેશમિયા' – ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૨૯-૧-૧૬ | 'એક selfie સજોડે' – નાટક | ◈ |
| ● જેમ જગડુશા | : | ૦૭-૧-૧૬ | 'No Exit' - નાટક | ★ |
| ● કાંદિવલી | : | ૧૯-૧-૧૬ | 'સૂફી કવ્વાલી' | ◈ |
| ● મુલુંડ | : | ૩૧-૧-૧૬ | 'એડલેબ એક્વામેઝિક વૉટર પાર્ક - રિસોર્ટ' | ★ |
| ● મલાડ | : | ૨૫-૧-૧૬ | 'No Exit' - નાટક | ◈ |
| ● મુંબઈ | : | ૧૩-૧-૧૬ | 'No Exit' - નાટક | ◈ |
| | | ૩૧-૧-૧૬ | 'હાફ ટિકિટ' – નાટક | ★ |
| ● નવી મુંબઈ | : | ૪-૧-૧૬ | 'હાફ ટિકિટ' – નાટક | ◈ |
| | | ૧૮-૧-૧૬ | 'કિટ્ટા બુચ્ચા' – નાટક | ◈ |
| | : | ૨૧-૧-૧૬ | 'કોડ મંત્ર' – નાટક | ◈ |

| | | | | |
|---|---|---|---|---|
| ● નૉર્થ ઈસ્ટ | : | ૦૫-૧-૧૬ | 'No Exit' - નાટક | ★ |
| ● પેડર રોડ | : | ૧૭-૧-૧૬ | 'આઈસક્રીમ મેલા' | ✦ |
| | : | ૨૪-૧-૧૬ | 'ઉંમર છે એન્ટિક પણ દિલ છે રોમેન્ટિક' - નાટક | ◈ |
| | : | ૨૬-૧-૧૬ | 'AirLift' - ફિલ્મ | ◈ |
| ● રૉયલ જગડુશા | : | ૦૬-૧-૧૬ | 'રૉક ઍન્ડ રોલ' - ઑર્કેસ્ટ્રા | ★ |
| | | ૧૧-૧-૧૬ | 'No Exit' - નાટક | ◈ |
| | : | ૧૫-૧-૧૬ | 'ધ કૉમેડી ફૅક્ટરી શો' - હાસ્ય દરબાર | ◈ |
| ● સાયન-માટુંગા | : | ૩૦-૧-૧૬ | 'ક્રિસ્ટલ રિસોર્ટ' - રિસોર્ટ | ★ |
| ● શિવાજી પાર્ક | : | ૧૮-૧-૧૬ | 'વન મૅન શો મોની છેડા' - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● વાપી | : | ૨૪-૧-૧૬ | 'વઝીર' - ફિલ્મ | ◈ |
| ● વાશી | : | ૨૫-૧-૧૬ | 'વન-ડે પિકનિક' - રિસોર્ટ | ★ |
| ● સૂર્યપુર સુરત | : | ૩૧-૧-૧૬ | 'કપલ ગૅમ શો' - અંતાક્ષરી | ★ |
| ● વિલે પાર્લે | : | ૧૦-૧-૧૬ | 'વઝીર' - ફિલ્મ | ◈ |
| | | ૧૧-૧-૧૬ | 'કોડ મંત્ર' - નાટક | ◈ |
| | | ૩૧-૧-૧૬ | 'રૉયલ ગાર્ડન' - રિસોર્ટ | ★ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦


# JJC Rajwadi

C/o. Shop No. 23, Morar Baug, 60 Feet Road, Opp. Standard Chartered Bank, Ghatkopar (E), Mumbai - 400 077. Email : rajwadisagpan@gmail.com

## રજવાડી સગપણ માહિતી કેંદ્ર

આજકાલ લગ્નોત્સુક યુવક-યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારૂપ થઇ ગઇ છે. JJC રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું કિરણ લઇ આવે છે... અમારા ગ્રુપમાં રજિસ્ટ્રેશન કરાવો.... ઈ મેઈલ આઈડી દ્વારા અને દર ગુરૂવારે અમારી ઓફીસમાં પ્રત્યક્ષ પધારી યોગ્ય પાત્રની વિગતો પ્રાપ્ત કરો.

**અમારા ગ્રુપમાં નામ નોંધાવવા**

૧) યુવક/યુવતીના ત્રણ ફોટા / બાયોડેટા

૨) સમય : સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ સોમથીશનિવાર

૩) રજિસ્ટ્રેશન ફી રૂ. 500/ - ભરવાની રહેશે.

**CONTACT :**

Sunil Shah - 75062 66440
Praful Mehta - 98200 68297
Harsha Shah - 98336 70028

Advt.

# જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરોના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

## MARCH CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Kolhapur | 08-03-2009 | Devichand Sanghavi | 9423041801 | Mahendra Jain | 9689894460 |
| 2 | Mehsana | 13-03-1994 | Ripalben H. Shah | 9824549254 | Jitendrakumar Shah | 9426516311 |
| 3 | Talaja | 18-03-2001 | Kishor Shah | 9427246905 | Bipin Fafadia | 9979051002 |
| 4 | Indore | 21-03-2010 | Jayesh Shah | 9301556578 | Mukesh Lathiya | 98206077817 |
| 5 | Mandal | 26-03-2000 | Suresh Doshi | 9427069488 | Rushabh Shah | 9898422903 |
| 6 | Junagadh | 29-03-1997 | Jaydeep Parekh | 9428622556 | Jayesh Avlani | 9898026715 |

## JJC CENTRAL BOARD

| Sr. No. | Name | Marriage Date | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Jayanti K. Chhadva | 21-03-1976 | 9821120217 | jayantichhadva@gmail.com |

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

| Sr. No. | Name | Date of Birth | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Jitendra S. Kothari | 23-03-1952 | 9821012321 | jitukothari@gmail.com |

# અનુપ્રેક્ષા એકત્વ ભાવના - ૪

■ ડૉ. આરતી વોરા

આગળ આપણે ૩ ભાવના અનિત્ય, અશરણ ભાવના અને સંસાર ભાવના વિશે જોયું. આજે આપણે ચોથી ભાવના એકત્વ ભાવના વિશે જોઈશું. જીવન-મરણ, સુખ-દુઃખ જેવી અનેક સ્થિતિ જીવન દરમિયાન આવે છે, જે જીવે એકલા જ ભોગવવી પડે છે. કોઈ પણ સ્થિતિમાં કોઈ તેમાં સાથ આપતું નથી. આ સ્થિતિનું ચિંતન એકત્વ ભાવનામાં ઊંડાણપૂર્વક કરવામાં આવે છે.

એકત્વ ભાવનામાં આ સત્ય વારંવાર ઉજાગર કરવામાં આવે છે કે ગમે તેવી પરિસ્થિતિ હોય, પણ સહુએ સહુનું દુઃખ પોતે જ વેઠવું પડે છે, તેમાં કોઈનો સાથ મળી શકતો નથી. સાથી વિના-સંગી વિના સહુએ એકલા જ આવવાનું છે અને એકલા જ જવાનું છે. જીવનયાત્રા દરમિયાન કોઈને કોઈનું મળવું એ સંયોગ છે. સાથે રહેતાંરહેતાં પોતાપણું આવે છે, સાથ મળે છે, પણ કોઈ કોઈનું થઈ શકતું નથી, સુખ-દુઃખ કે વ્યાધિ લઈ શકતાં નથી.

એકત્વ એ મજબૂરી નથી, પણ સહજતા છે. આત્માનો સ્વભાવ છે, જે અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનો છે, કેમકે તે આત્માનો દ્રવ્યગત સ્વભાવ છે.

एकस्य जन्ममरणे गतयस्व शुभाशुभा भवावर्ते ।
तस्मादाकालिक हित मेकेनैवात्मनः कार्यम्।।

અર્થાત્ : સંસારસાગરના આવર્તમાં જીવ એકલો (અસહાય) જન્મે છે, એકલો મરે છે, એકલો શુભ-અશુભ ગતિઓમાં જાય છે, માટે જીવે એકલાએ જ પોતાનું સ્થાયી હિત કરવું જોઈએ.

હું એકલો છું, જન્મું છું એકલો અને મરું છું એકલો! નરકમાં જાઉં તો એકલો અને સ્વર્ગમાં જાઉં તોય એકલો! મનુષ્યગતિમાં જન્મું તોય એકલો અને તિર્યંચગતિમાં જન્મ લઉં તોપણ એકલો!

જે અનંતકાળ વીતી ગયો આ સંસારમાં પરિભ્રમણ કરતાં, તે અનંતકાળમાં જે કોઈ સુખદુઃખ સહ્યાં મારા જીવે તે પણ એકલાએ જ. 'હું' એટલે કે આત્મા એકલો છું - અસહાય છું. આ વાસ્તવિક્તાનો મેં સ્વીકાર નથી કર્યો, અનેકતાની જ કલ્પના કરતો રહ્યો છું, અનેકતામાં જ રાચતો રહ્યો છું - 'એકલામાં દુઃખ અને ઘણામાં સુખ' એ વિચારમાં જ રમતો રહ્યો. એટલે એકમાંથી અનેક થવાના જ પ્રયત્નો કર્યા અને કરતો રહું છું.

વિશાળ પરિવાર - વિશાળ મિત્ર મંડળ - વિશાળ અનુયાયી વર્ગમાં જ સુખ માનતો રહ્યો. સમૂહમાં જ સુખ અને આનંદની કલ્પનાઓમાં જ રાચતો રહ્યો અને ઉલઝતો રહ્યો. પરિણામસ્વરૂપે દુઃખ અને અશાંતિ ભોગવતો રહ્યો. સમૂહજીવનમાં કેટલાંક સુખ, ક્યારેક આનંદ પામ્યો છું. નથી પામ્યો એવું નથી, પણ એ કશું દીર્ઘજીવી ન નીવડ્યું. એ આનંદ ક્ષણિક જ નીવડયો. એ ચિરકાલીન અવસ્થારૂપે ટકી ન શક્યો.

મારે એકાકી બનવું નથી, છતાં જ્યારે એકાકી બનવાનું આવશે ત્યારે મને દુઃખ નહિ થાય? વેદના નહિ થાય? એકલા મરવાનું આવશે ત્યારે શું હું સ્વસ્થ રહી શકીશ? સમતા કે સમાધિમાં લીનતા મેળવી શકીશ? હું એકલો કઈ ગતિમાં જઈશ? આ ભય મને વ્યાકુળ નહીં બનાવે? આવા વિચારોમાં મન અટવાયા કરે છે. પછી મનને પરમસત્યના સ્વીકાર માટે તૈયાર કરું છું કે 'હું એકલો જ છું, મારે એકલાએ જ જન્મ-મરણ કરવાનાં છે, મારે એકલાએ જ ચાર ગતિમાં અને ચૌર્યાશી લાખ યોનિમાં ભટકવાનું છે તો પછી શા માટે હું એકલો જ મારું આત્મહિત કે આત્મકલ્યાણ ન સાધી લઉં? શા માટે એકલો જ મહાન ધર્મ પુરુષાર્થ ન કરી લઉં?'

'હું એકલો છું, મારું કોઈ નથી, મને કોઈ સહાય કરતું નથી' એવી ફરિયાદ હવે ક્યારેય નહીં કરું.

'મેં એમને મારા માનીને એમનાં ઘણાં કામ કર્યાં, પણ એમણે મને કોઈ જ સહાય ન કરી.' આવી મનોવ્યથા મને હવે ક્યારેય નહીં થાય.

ધર્મઆરાધના તો હું કરું, પરંતુ કોઈ મારે સાથી જોઈએ, સહયોગી જોઈએ. સાથી-સહયોગી વિના મને ધર્મઆરાધના કરવી ન ફાવે' આવી દલીલો હવે નહીં કરું.

હું એકલો છું, એકલો આવ્યો છું અને એકલો જવાનો છું એમ એકત્વના સત્યને આત્મસાત્ કરવા માટે સદૈવ એકત્વની ભાવનાથી ભાવિત થતો રહીશ. એકત્વના સ્વીકારથી એકલાપણાની હીનતા-હતાશા દૂર થઈ ગઈ છે.

સહુની વચ્ચે, પણ સહુથી અળગા એ ભાવનામાં જીવવામાં હવે આનંદ આવે છે.

હવે અનેકતામાંથી મળતાં સુખો મેળવવાની મને ઈચ્છા નથી થતી. નથી જોઈતો અનેકતામાંથી જન્મતો આનંદ કે નથી જીવવું પરસાપેક્ષ જીવન. હવે તો આ નાનીશી જિંદગીમાં આત્માના એકત્વની સાધના કરવી છે અને આત્માનું હિત સાધી લેવું છે. નિત્ય અને શાશ્વત સત્યની સાધના કરી આત્માની ઉન્નત અવસ્થાને પામી લેવી છે.

હે પરમાત્મન, મારી આ અંતઃકરણની ઈચ્છામાં તારી કૃપા ભળે અને હું તારા ધ્યાનમાં આનંદભાવે લીન થઈ શકું, મારા-તારાના ભેદથી દૂર થઈ શકું અને તારામાં લીનતા મેળવવા પ્રયત્ન કરી શકું એ જ પ્રાર્થના.

એકત્વ ભાવના વિશે શાસ્ત્રકારો કહે છે કે, હે જીવ! તું આ પ્રમાણે વિચાર કરે કે હે જીવ! આ જગતમાં કોઈ કોઈનું સોબતી નથી. તું એકલો જ આવ્યો છે અને એકલો જ જવાનો છે. પાપો કરીને તે જે ધન વગેરે ઋદ્ધિ-સિદ્ધિનો સંગ્રહ કર્યો છે એ પૂર્વકર્મના યોગે તને જે કુટુંબ-પરિવાર પ્રાપ્ત થયો છે તે તારા મરવા સમયે સાથે આવનાર નથી. બધું અહીં જ મૂકીને જવાનું છે. ધન ધરતી પર જ્યાં ધર્યું હશે ત્યાં જ રહેશે. પશુ-પક્ષી ઘરમાં રહી જશે, તારી વહાલી પત્ની કે સ્ત્રી દરવાજા સુધી સાથ આપશે અને કુટુંબ-પરિવારજનો સ્મશાન સુધી આવશે. તને અત્યંત પ્રિય એવું આ શરીર પણ ચિતામાં બળીને ખાખ થઈ જશે. તે તેની જાળવણી માટે, તેને સુંદર રાખવા કેટલી મથામણ કરી, પણ એ શરીર પણ સાથે આવશે નહિ, એવું જાણી એકત્વ ભાવના ભાવવી.

આવી એકત્વ ભાવના શ્રી મૃગાપુત્રે ભાવી હતી. શ્રી સુગ્રીવ નગરમાં બલભદ્ર રાજા હતા. તેની મૃગા નામે રાણી હતી અને તેના પુત્રનું નામ મૃગાપુત્ર હતું. તે મૃગાપુત્ર એક પ્રસંગે પોતાની સુંદર અને મનોહર સ્ત્રીઓની વચ્ચે પોતાના રત્નજડિત મહેલની અંદર બેસી બજારનો ઠાઠ જોતા હતા. એવામાં રસ્તે જતાં એક દુર્બળ તપોધની (તપરૂપી ધનનો સંગ્રહ કરનાર) સાધુને જોઈ શ્રી મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. પૂર્વના ભવમાં પોતે પણ સંયમ પાળેલો તે સાંભરતા જ સંયમી થવાની પ્રબળ ઈચ્છા થઈ. સંયમ લઈ જંગલના મૃગની પેઠે એકલા વનવાસી રહી સારી કરણી કરી અને પુણ્યરૂપી ખૂબ કમાણી કરી અને અંતે મોક્ષની પ્રાપ્તિ કરી.

એકમાત્ર આત્મા જ ભગવાન છે. જ્ઞાન - દર્શન - ચારિત્ર તેના ગુણો છે. તેમાં તે આનંદ - કલ્લોલ કરી રહ્યા છે. બાકી બીજું બધું જ કલ્પના છે, વાસ્તવિક નથી. તેથી તેના પર મમતા રાખવી એ વ્યાકુળતાનું કારણ છે. તેથી જ પરવસ્તુમાં અત્યંત તીવ્ર ઈચ્છા - મોહ રાખવા એ અજ્ઞાન દશાનું કારણ છે. અજ્ઞાની જીવો જ પરભાવમાં આસક્ત થઈ સ્વ સ્વભાવ પર આવરણ આણે છે.

શાસ્ત્રમાં કહે છે કે સંગ્રામમાં વિજય મેળવવા કરતાં પણ એક સ્વના આત્માને જીતવો ઘણો અઘરો છે. જ્ઞાનરૂપ આત્મા વડે ક્રોધ આદિ કષાયોને જીતનાર સ્તુતિને પાત્ર છે. પાંચ ઈન્દ્રિયોને, ક્રોધ - માન - માયા - લોભ જેવા કષાયોને જીતવા દોહ્યલા છે. જેણે મનને જીત્યું તેણે સર્વ જીતી લીધું એમ કહી શકાય.

કષાયને જીતવા એ વીરનું કામ છે. લોભી જીવોની તૃષ્ણા ક્યારેય સંતોષ પામતી નથી, કારણકે તૃષ્ણા આકાશ જેવી અનંત છે. ધન - સુવર્ણ - ચતુષ્પાદ ઈત્યાદિ સકળ લોક ભરાય એટલું હોય તોય તૃષ્ણાનો અંત આવતો નથી. કામભોગને શલ્ય - વિષ - સર્પની ઉપમા આપી છે. તેની વાંચ્છાથી જીવની અધોગતિ જ થાય છે તેમ જ ક્રોધ - માન વડે જીવની માઠી ગતિ થાય છે. તેથી આ કષાયોને વશ કરવાથી જ આત્માની ઉન્નતિ થઈ શકે છે.

શ્રીમદ્ રાજચંદ્ર પોતાના પુસ્તક મોક્ષમાર્ગમાં કહે છે કે, 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું? કોના સંબંધે વળગણાં છે. રાખું કે એ પરિહરુ? 'એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં'. માટે જ તું વસ્તુતત્ત્વ વિચાર, પરભવ છોડી દે. આત્મા એકલો જ દેહરૂપે ઊપજે છે - વિપત્તિ પામે છે - કર્મ સંચય કરે છે અને એકલો જ તેના ફળ ભોગવે છે. તેમાં બીજું કોઈ ભાગીદાર નથી. તેથી આત્માનો વિચાર કર.

આમ સમગ્ર વસ્તુનો વિચાર કરતાં જણાય છે કે પોતે એકલો જ છે એ વસ્તુસ્થિતિનો વિચાર કરવો એ જ એકત્વ ભાવના છે. જીવ એકલો જ હોવાથી પોતાનાં શુભાશુભ કર્મોનું ફળ એકલો જ ભોગવે છે. અન્ય

સ્વજન-સંબંધીઓ તેનાં કર્મનાં ફળને વહેંચીને લઈ શકતાં નથી. પરલોક કે આલોકમાં એકલો જ આવે છે અને જાય છે. અન્ય કોઈ તેની સાથે પરલોકમાંથી આવતું નથી કે જતું નથી. સ્વજન આદિ માટે પાપો કર્યાં હોય તોપણ પાપનું ફળ તો પોતાને જ ભોગવવું પડે છે. સંબંધીઓ તેમાં ભાગ પડાવી શકતા નથી.

વાલ્મીકિના દૃષ્ટાંત પરથી આ વાત બરાબર સમજી શકાય છે. જ્યારે તે વાલિયો લૂંટારો બની બધાને લૂંટતો હતો અને કુટુંબનું ભરણપોષણ કરતો હતો. એકવાર કોઈના કહેવાથી કુટુંબીજનોને કહે કે મારા પાપના તમે પણ ભાગીદાર તો ખરા જ ને? હું તો આ બધું સહુનાં પેટ ભરવા કરું છું, ત્યારે સહુએ તેઓ ભાગીદાર નથી તેમ કહ્યું અને વાલિયા લૂંટારાનું મન બદલાઈ ગયું અને તેણે આ ધંધો છોડી દીધો અને રામનામમાં વ્યસ્ત થઈ ગયો અને ઋષિ વાલ્મીકિ બની જીવન ગુજારવા લાગ્યો.

તેથી આપણે પણ વિચાર કરવાનો છે કે હૃદયને એકત્વ ભાવનાથી વાસિત બનાવવાથી સ્વજન પર સ્નેહરાગ કે આસક્તિ ન થાય અને પરજન પર દ્વેષ ન થાય. આમ નિઃસંગ ભાવના આવવાથી મોક્ષ પ્રવૃત્તિ કરવાની ભાવના જાગે છે. એકત્વના વિચાર કરવાથી આત્મા સ્વમાં રમણતા મેળવી શકે છે. વધુ હવે પછી....

## દરેક સેન્ટર / પ્રમુખને જાણવા જોગ...

- દરેક સેન્ટરના પ્રમુખશ્રીને જણાવવાનું કે નવા વર્ષ ૨૦૧૬ના દરેક મેમ્બરના Address મોકલી આપવા નમ્ર વિનંતી, જેથી જાગૃતિ સંદેશ મોકલવામાં તકલીફ ના પડે.
- દરેક સેન્ટરને ખાસ જણાવવાનું કે દરેક મહિનાના પ્રોગ્રામનો Circular JJC-Central Boardની Officeમાં કુરિયર કરવા તથા મહિનાના અંતમાં મળે તેમ કરવા નમ્ર વિનંતી, જેથી જાગૃતિ સંદેશમાં મનોરંજનની અટારીમાં તમારા સેન્ટરની વિગત આપી શકાય.
- નવી કમિટીના એડ્રેસ મોકલી આપવા નમ્ર વિનંતી. ડિરેક્ટરી Form મોકલી આપેલ છે તો દરેક સેન્ટરે Fillup કરીને મોકલી આપવા અને સાથે દરેક સેન્ટરના પ્રમુખશ્રી તથા સેક્રેટરીનો ફોટો પણ મોકલી આપવા નમ્ર વિનંતી.

## JAGRUTI SANDESH MAGAZINE RATE & SIZE

| Page | Commercial Advertising Rate | Matrimonial Advertising Rate | Size |
|---|---|---|---|
| **Quarter Page ( Black & White )** | 2000 | 1000 | height 11 cm & width 8.5 cm |
| **Half Page ( Black & White )** | 3000 | 2000 | **Vertical** - height 22 cm & width 8.5 cm |
| | | | **Horizental** - height 12 cm & width 18 cm |
| **Full Page ( Black & White )** | 5000 | 4000 | height 22 cm & width 18 cm |
| **Full Page ( Color )** | 9000 | 7000 | height 22 cm & width 18 cm |
| **Inside Full Page ( Color)** | 12000 | 10000 | height 22 cm & width 18 cm |
| **Last Cover Page ( Color)** | 15000 | 15000 | height 22 cm & width 18 cm |

**Important Notes :**

**Advertising Rates can be changed without any prior notice .**

Above Rates are valid till 01-01-2016 to 31-12-2016 .

**Advertising will be given to us as Corol Draw Open file , Font CC**

# ચૅરમૅનને સંબોધીને

■ કિરણ શાહ Past Chairman

જે.જે.સી.ના નવા ચૅરમૅન શ્રી સંજયભાઈ શાહ અને તેમની સંપૂર્ણ ટીમને અભિનંદન; તે સાથે જ તત્કાલીન ભૂતપૂર્વ ચૅરમૅન શ્રી રમેશભાઈ મોરબિયાને તેમના ચૅરમૅનશિપના કાર્યકાળ દરમિયાન સુંદર અને Dedicated સેવા આપવા બદલ ખાસ અભિનંદન. તેમને માટે અને J.J.C.ના બધા જ ભૂતપૂર્વ ચૅરમૅન માટે શ્રી હસિત બુચની એક કવિતા અર્પણ. Actually this kavita is the outcome of the fantastic and emotional speech delivered on 3.1.16 in J.J.C. council meeting by him.

કવિતા

## દિલની વાતો

*દિલની વાતો ખૂટશે ત્યારે હાથ જોડીને હીંડતા થશું;*
*ઊડતો બેડો ઝૂકશે, ત્યારે કોઈ તો કેડો ચીંધતા જશું.*
*પગની રોનક ઓસરે તોયે નાચવું એમાં માનીએ નહિ;*
*થાકતે હાથે કોઈ દી અમે બૂંગિયો ઢોલ બજાવીએ નહિ!*
*આપણે કર્યું, અદકું એથી કરશે બીજાંઃ શીખતા જશું;*
*આભના તારા મલકે હજી, આંખના છેડા છલકે હજી.*
*એકની પાછળ એક સલૂણી ગીતની કડી આવતી હજી;*
*એ જ અધૂરપ માણશું, અમે એ જ મધુરપ સિંચતા જશું.*
*વેળ હતી, ને આવિયા અમે વેળ થઈ છે; હીંડતા થશું;*
*મળિયાં એવાં દિલ અહીં કે, મ્હેક બધે એ ચિંધતા જશું.*

સંજયભાઈની જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડની કમિટી DREAM TEAM છે અને આપણને બધાને ખાતરી છે કે તેમના કાર્યકાળ દરમિયાન સુંદર કાર્ય કરશે. તેઓ યાદ રાખે કે Talent wins the game but TEAMWORK wins the championship.

કોઈ પણ સંસ્થામાં હોદ્દા પર નવીનવી વ્યક્તિઓ આવતી જ રહેશે અને તે નવી વ્યક્તિનું વ્યક્તિત્વ સંસ્થાના કાર્યમાં Reflect થશે. આ તો ઑલમ્પિક ટૉર્ચ એક હાથમાંથી બીજા હાથમાં આપતા જવાની વાત છે.

જે.જે.સી.નું Vision અને Mission છે to Preserve Practice and Promote the Jain Dharma and Jain way of Life. જે.જે.સી.નો મુદ્રાલેખ છે પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર, એટલે Sharing, Caring, Sacrificing, Fellowship and Goodwill. જે.જે.સી.ની સમાજસેવાની સપ્તપદી છે - સરળતા, સંકલ્પ, સહકાર, સ્વાધ્યાય, સદ્વ્યવહાર, સદ્ભાવના અને સંગઠન. દરેક સંસ્થાનું એક ખાસ કલ્ચર અને કેરેક્ટર હોય છે. જે.જે.સી.નું Culture છે - પ્રેમની શક્તિને સામાજિક સ્વરૂપમાં પ્રગટાવવાની કોશિશ. સાદી ભાષામાં કહીએ તો અજાણ્યાને જાણ્યા કરવાનો પ્રયાસ. દિલફેંક સાથ અને સહકાર સાથે સાચુકલી દોસ્તી. આપણે જે.જે.સી.માં રહીને Life time friendship ઘણા લોકો સાથે બનાવી છે. This is a silient Feature - Character of J. J. C.

**Do's and Don't of and - for CHAIRMAN**
**My Own point of view with Experience.**

- જે.જે.સી.ના ચૅરમૅન તરીકે તમારે તમારું મંતવ્ય, વક્તવ્ય અને કર્તવ્ય ત્રણે સાચવવાનાં છે. વિચાર અને આચારમાં ક્યાંય પણ પૂર્વગ્રહ કે પક્ષપાત ન હોવા જોઈએ. દરેક સેન્ટરને તમારે ઉઘાડી આંખે, ઉઘાડા મને અને ઉઘાડા હૃદયથી નીરખવાના છે. **પૂર્વગ્રહ કે અભિગ્રહથી સર્વદા પર રહેવાનું છે.**
- તમે જે વિચારો, તમે જે કહો અને તમે જે કરો તેમાં સંવાદિતા હોય ત્યારે જે સર્જાય તેનું નામ પ્રગતિ. માનવીના કાર્યમાં મહત્ત્વ તો એની સંપૂર્ણ પ્રતિબદ્ધતા (Committment)નું છે. તમે કામમાં કેટલા કલાકો રેડો છો એ મહત્ત્વનું નથી, કલાકોમાં કેટલું કામ રેડો છો એ મહત્ત્વનું છે. આ દુનિયામાં કશું જ ડાબા હાથનો ખેલ નથી. **શ્રમ અને પુરુષાર્થ વિના સિદ્ધિ હાંસલ થઈ શકતી નથી.**
- **જે.જે.સી. જેવી મોટી સંસ્થાની ચૅરમૅનશિપ એટલે સ્વની આહુતિ આપીને સ્વને અર્પવાની કમળપૂજા છે.** તમારે ચાકુને સજાવવા કરતાં જખમોને પંપાળવાનો Attitude કેળવવો પડશે. બીજાઓ માટે શું કરીએ છીએ એમાં આપણી શક્તિનું દર્શન થાય છે, પણ બીજા માટે શું સહન કરી શકીએ છીએ એમાં આપણા પ્રેમની પરીક્ષા થતી હોય છે.
- વાણી + વર્તન = વિશ્વસનીયતા. **આપણાં વાણી અને વર્તનમાં આપણું સૌજન્ય પ્રગટ થવું જોઈએ.**
- Don't confuse fame with success. વિશેષણો ભાષાનો ડાયાબિટીસ છે. તાળીઓથી ઘેરાયેલા માણસને તો ઈશ્વર જેવો ઈશ્વર પણ ઉગારી શકતો નથી.

લોકો જેને ઈજ્જત કહે છે તે એક લોકપ્રિય બીમારી છે. કીર્તિમાં તરવાનું હોય, ડૂબવાનું ન હોય.

- મહિમા વ્યક્તિનો નહીં, પણ એના વિચારોનો છે. સંકુચિત હૃદય પણ એક પ્રકારનો હૃદયરોગ છે. માનવીની અંદર સમાઈ શકે તે સ્વાભિમાન અને બહાર છલકે તે અભિમાન. સંસ્થાએ કોઈના પણ અહમ્‌ને પોષવો ન જોઈએ અને એટલા માટે જ કોણ સાચું છે તે નહીં, પણ શું સાચું છે તે મહત્ત્વનું છે. બોલવાનું હોય ત્યારે ચૂપ રહેવું એ પણ એક પ્રકારની હિંસા છે. એ વાત યાદ રાખજો કે સ્વાર્થને લોકો ધિક્કારે છે અને ત્યાગને લોકો વંદે છે.
- Decision should be taken in Hosh not in Josh.

  ''તારીખ કી નજરો મેં વો દૌરે ભી દેખે હૈ,
  લમ્હોંને ખતા કી, સદિયોં ને સજા પાયી''.
- સત્તા બહેકાવે છે જ્યારે નિષ્ઠા મહેકાવે છે.
- વહીવટકર્તા મુત્સદી હોવો જોઈએ, પણ જટિલ કે કુટિલ નહીં. મુત્સદીપણું સંસ્થામાં સંવાદ જાળવવા માટે વપરાય તો સકારાત્મક સક્રિયતા, પણ મુત્સદીપણાને કારણે Divide and Ruleની Policy અપનાવાય તો તે નકારાત્મક.
- જ્યારે પણ અકળાવ ત્યારે તમારા હૃદયને અનુસરજો. My experice is that many a times our Reasons are wrong but our intutions are always right.
- ''વો હજારોં બલાઓં સે દૂર રહતે હૈ,
  જો સુનતે હૈ જ્યાદા ઔર કમ બોલતે હૈ''.
- ''દોષ કાનમાં કહેવા, ગુણ ગામમાં ગાવા.''
- I have always felt that J.J.C. is a factory manufacturing happiness because it conveys the feeling that. ''જિન્દગાની કી સફર મેં તું અકેલા હી નહીં હૈ, હમ ભી તેરે હમસફર હૈ''. ફરીથી અજાણ્યાને જાણ્યા કરવાની પ્રક્રિયા.
- અને અંતમાં... ચૅરમૅન તરીકે તમારી ગાડી હોર્ન કે બ્રેક માર્યા વિના પૂરપાટ દોડે અને સાથેસાથે જે.જે.સી.ને સુખ, સમૃદ્ધિ, ખુશી અને આનંદથી તરબતર કરે એવી મારા વતી અને જે.જે.સી.ના સભ્યો વતી આ વિશ્વસંચાલક મહાસત્તાને પ્રાર્થના તથા અભ્યર્થના.


**જે જે સી વિલે પાર્લે**

૧૫, વિરેશ્વર ધારા, ૧૧૭-એ, બજાજ રોડ, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૬.
ફોન : ૨૬૧૩૪૭૩૧



ગીત સંગીત પ્રેમીઓ માટે કર્ણપ્રિય જાહેરાત

''સા...રે...ગ...મ...
★ Star Voice of JJC''

SINGING COMPETITION

Audition Date : 4th & 5th March 2016 evening

અરજી પત્રક
Website: jainjagruti.com
ઉપરથી Download કરી શકો છો.

Don't miss this Golden opportunity

| Venue : **Bhaidas Hall** Vile Parle (W) | **13/3/2016 SUNDAY** | **9-30 am onwards** | Entry Fees : **Rs. 500/-** Per Participant (Non refundable) | Last Date of Registration **01-03-2016** |
|---|---|---|---|---|

૧. ઉમેદવાર મુંબઈ વિસ્તારના કોઈપણ JJC સેન્ટરનો સભ્ય હોવો જરૂરી છે. ૨. પ્રોફેશનલ સિંગર સિવાયના કોઈ પણ ઉંમર નો સભ્ય આમાં ભાગ લઈ શકે છે. ૩. **ગાયક ઉમેદવારો**એ બોલીવુડના ફિલ્મી ગીતો હિંદી માં જ ગાવાના રહેશે. ૪. સ્પર્ધાના વિગતવાર નિયમો યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે. ૫. વિજેતાઓને **ટ્રોફી** અને **ઈનામ** સિવાય ભાઈદાસ હોલ માં પરફોર્મ કરેલા દરેક ઉમેદવારને **પ્રમાણ પત્ર** થી નવાજવામાં આવશે.

**સ્પર્ધા-કાર્યક્રમ ના અરજી પત્રક તથા અન્ય વિગતો માટે સંપર્ક કરો.**

ADVT.

★ JJC Vile Parle Office (11 to 12 - Mon to Saturday) - 26134731
★ LATIM, 301, Navkar Plaza, 3rd Floor, Bajaj Road, Vile Parle (W). Tel.: 26203434
★ મીનાબેન અજમેરા - 9920342841 ★ રોહીતભાઈ કેનીયા - 9821311449 ★ કીર્તિભાઈ સંઘવી - 9833393190

# ''હેપ્પી (?) બર્થ ડે....!

■ ભાવેશ કે. શાહ (જે.જે.સી. - ગોલ્ડન ગારોડિયા)

જન્મદિવસ, બર્થ ડે શું સાચ્ચે જ ઊજવણી કરવાનો પ્રસંગ છે?? જીવનનું એક વર્ષ ઓછું થયું, મૃત્યુની વધુ નજીક પહોંચી ગયા, આત્માનું કલ્યાણ કરવાનું ભૂલીને, ઘટતી જતી આવરદામાં સારાં કાર્યો કરવાને બદલે ભોગ-વિલાસનાં નવા કર્મ બાંધતાં આપણે શું સાચ્ચા રસ્તે છીએ?? બીજી રીતે પણ જોઈએ તો જન્મદિવસ એ કોઈ 'એચિવમેન્ટ' નથી, ફક્ત કેલેન્ડરમાં બદલાતાં તારીખીયાં જ છે. છતાંય જાણે કોઈ માઈલસ્ટોન વટાવ્યો હોય તે રીતે ચારેબાજુથી શુભેચ્છા અને ઉજવણી??? વિદેશમાં તહેવારો-ઉત્સવોની સંખ્યા બહુ ઓછી હોય છે. વળી આપણા જેવી સંયુક્ત કુટુંબની પરંપરા પણ ત્યાં નથી, એટલે ત્યાંના લોકો રિચાર્જ-રિફ્રેશ થવા માટે બર્થ ડે, મૅરેજ ડે, વેલેન્ટાઈન ડે, ફ્રેન્ડશિપ ડે, ફાધર્સ ડે, મધર્સ ડે વગેરે પ્રસંગો ઊભા કરી તેમાંથી આનંદ મેળવવાની કોશિશ કરે છે. જ્યારે આપણા દેશમાં, આપણી સંસ્કૃતિમાં તહેવારો-ઉત્સવોની ભરમાર સાથે વૈવિધ્ય પણ એટલું જ છે, એટલે આપણને આવા કોઈ કૃત્રિમ પ્રસંગોની જરૂરત જ નથી!

આપણા તહેવારો મકરસંક્રાંત, ધુળેટી, ૨૬ જાન્યુ. ૧૫ ઑગસ્ટ, રક્ષાબંધન, જન્માષ્ટમી, ગૂડીપડવો, મહાવીરજયંતી, રામનવમી, પર્યુષણ, ગણેશોત્સવ, નવરાત્રિ, દિવાળી... વગેરે અસંખ્ય છે. તેમાં વિવિધતા પણ ભારોભાર છે, સાથે આપણા લગ્નપ્રસંગો પણ કેટલા ભર્યા-ભર્યા છે, દરેક સંબંધો-લાગણીનો સમાવેશ થઈ શકે તેવા તહેવારો-પ્રસંગોની સંખ્યા જ એટલી બધી છે કે આપણને આવા કૃત્રિમ પ્રસંગો ઊભા કરવાની જરૂર જ શું છે???

થોડા સમયથી એક નવી પ્રજાતિ(?) અસ્તિત્વમાં આવી છે, જે બર્થડેની આગલી રાત્રે ૧૨-૦૦ વાગે ટોળાબંધ શુભેચ્છા આપવા પહોંચી જાય છે, જાતજાતની મોંઘી 'કેક' ભેટ લઈને રાત્રે ઘોંઘાટ કરવા સાથે એકબીજાનાં મોઢાં પર 'કેક' ચોપડીને અન્નનો બગાડ પણ કરે છે. અન્ન ઉત્પન્ન કરતાં ખેડૂતની પીડા જોઈ છે??? અને હા, આજકાલ વૉટ્સ ઍપ પર ગ્રુપમાં લોકો HBDના મૅસેજો મોકલે છે, તેમાં ઓળખતા ના હોય તેઓ પણ શુભેચ્છા પાઠવે છે!! એક જણે સવારે ગ્રુપમાં મૅસેજ મૂક્યો, ''HBD, જિજ્ઞેશ.'' તરત જ બાકીના ૭૫ મેમ્બરોએ શુભેચ્છા ઠપકારી દીધી. સાંજે પેલાને ભૂલ સમજાઈ, કે ''sorry, જિજ્ઞેશ તો આ ગ્રુપમાં જ નથી!!'' બોલો, આમાં ક્યાં છે લાગણી? ફક્ત ફોર્માલિટી જ, સમય-શક્તિની બરબાદીથી વિશેષ કંઈ છે??? કદાચ, માની લઈએ કે બાળકો-યુવાનોને નવી ઍજ્યુકેશન સિસ્ટમને કારણે આપણી સંસ્કૃતિનું જ્ઞાન ઓછું હોઈ બહારી સંસ્કૃતિથી અંજાઈને આ બધું કરતા હોય, પણ મા-બાપ તો સાચી સમજણ આપી શકે ને! પણ અફસોસ, 'કિટી પાર્ટી' અને 'વૉટ્સ ઍપ'નાં બંધાણી થઈ ગયેલ મમ્મી-પપ્પા(?)માં પણ આવી સમજણ છે ખરી? અને હોય તોપણ સંતાનો એમનું માનશે જ એની ખાતરી આપી શકાય ખરી?? આજનું ભણતર ફક્ત પૈસા કમાવવાનું જ શીખવે છે, સંસ્કાર-સંસ્કૃતિ સાથે તેને કોઈ જ નિસબત નથી. અરે, સંતાનોને ગુજરાતી નથી આવડતું એ વાતનો પણ વાલીઓને ગર્વ થાય છે!! કદાચ, વિશ્વમાં એકમાત્ર ગુજરાતી જ એવી પ્રજા હશે, જે માતૃભાષા ન આવડવા બદલ ગર્વ અનુભવતી હશે!!! C.A., M.B.A., C.S., જેવી ડિગ્રી મેળવવા કરતાં પણ ગુજરાતી શીખવું અઘરું છે એમ જ માનવું રહ્યું! યાદ રાખજો, સંસ્કૃતિનો નાશ એ જ તે પ્રજાતિનો પણ નાશ જ છે, સંસ્કૃતિ વગર સાચી શાંતિ કે સંતોષ શક્ય જ નથી!

થોડુંક અલગ રીતે વિચારી જુઓ, જો તમારા જીવનનું વર્ષ ઓછું થયું હોય, સમય ઓછો બચ્યો હોય તો સત્કાર્ય કરો, તમારા વિસ્તારના ગરીબ-ભિખારીઓને જમવાના પૈસા આપો, કદાચ ૮૦૦-૧૦૦૦ રૂપિયામાં ઘણીબધી દુઆઓ મળી જશે, કોઈકની આંતરડી ઠરશે, તેના આશીર્વાદથી તમારો જન્મારો સુધરી જશે! આમ પણ મિત્રવર્તુળમાં બધાના જન્મદિવસ નિમિત્તે ભેટો આપવી, કેક કાપવી, પાર્ટી મનાવવી તેના કરતાં આ લક્ષ્મીનો સદ્ઉપયોગ તેમ જ સત્કાર્યની પુંજી જમા કરવી વધુ યોગ્ય નથી લાગતું??? જો દરેક જણ આમ કરે તો એક વિસ્તારના ૩૦૦-૪૦૦ લોકોના જન્મદિવસ નિમિત્તે ગરીબોને લગભગ વર્ષ દરમિયાન પેટ ભરીને જમવા મળે, ચોરી-લૂંટફાટ ઓછાં થાય, દુષ્કર્મો ઓછાં થાય, પુણ્ય વધે, ધર્મ વધે, ઈશ્વર પ્રસન્ન થાય અને સાચા અર્થમાં પુણ્યનું ભાથું બંધાય, જન્મારો સુધરી જાય, બર્થ ડે ખરા અર્થમાં 'હેપ્પી' થઈ જાય...

યોગ્ય લાગે તો આ વિચાર વધુ લોકો સુધી પહોંચાડશો, સંસ્કૃતિ બચશે તો જ આપણે બચીશું. અસ્તુ.

# યુવામેળો

જેજેસી-કાંદિવલી છેલ્લાં સાત વર્ષથી લગ્નોત્સુક યુવક-યુવતીનો યુવામેળો સફળતાપૂર્વક કરે તો છે જ, પણ તેમની રસમ/પદ્ધતિ જરા જુદી છે. તેમના યુવામેળામાં મર્યાદિત એન્ટ્રીઓ હોય છે. આ યુવામેળામાં ભાગ લેવા માટેની Eligibilityની Datumline લઘુતમ ગ્રૅજ્યુએશન છે. ગ્રૅજ્યુએટ તથા પોસ્ટ ગ્રૅજ્યુએટ થયેલાં યુવક-યુવતી જ આ યુવામેળામાં પ્રવેશ પામે છે. તેથી આ યુવામેળો Graduate, M.A., M.Sc. C.S. C.A., MBA, Doctor, Engineerથી ઊભરાય છે.

દર વર્ષે ૨૬ જાન્યુઆરીની આસપાસ તેનું આયોજન થાય છે. આ વર્ષે પણ ૨૪ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ યુવામેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'જાગૃતિ સંદેશ' તરફથી આંખેદેખ્યો અહેવાલ લેવા શ્રી આર્મેશકુમારને પ્રતિનિધિરૂપે મોકલવામાં આવેલ. તેમની પાસેથી આવેલ અહેવાલ વાંચીએ.

આયોજનનો દિવસ ૨૪ જાન્યુઆરી ને રવિવાર હોઈ વાતાવરણમાં શાંતિ હતી. કાંદિવલી વેસ્ટમાં આવેલ પ્રખ્યાત Thakoor International Schoolમાં સમય પ્રમાણે પહોંચી ગયો. સ્કૂલના વિશાળ Well Decorated Banquet Hallમાં આ આયોજન કરવામાં આવેલ. હૉલની લૉબીમાં વ્યવસ્થા જાળવવા સેન્ટરની કારોબારીના સભ્યો બેસી ગયા હતા. તેમને મદદ કરવા Spouse Committee Members પણ હાજર હતા. સમય થતો ગયો તેમ તેમ Well dressed, young અને Energetic યુવક-યુવતીઓ તેમના વડીલો સાથે આવતાં ગયાં. દરેક ઉમેદવારના ચહેરા પર આત્મવિશ્વાસની આભા સ્પષ્ટ દેખાઈ આવતી હતી.

આ યુવામેળાના આયોજક હમણાં થોડા સમય પહેલાં જ રજતજયંતી વર્ષ ઊજવી ચૂકેલ કાંદિવલી સેન્ટર છેલ્લાં ૨૭ વર્ષથી સેન્ટ્રલ બોર્ડમાં કાર્યરત રહેલ તથા હાલમાં સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅનપદે બિરાજતા શ્રી સંજય શાહનું માદરે સેન્ટર હોઈ, વ્યવસ્થા ઊડીને આંખે વળગે તેવી હતી.

વધારે માહિતી જોઈતી હોવાથી હું હૉલમાં લટાર મારી રહ્યો હતો ત્યાં સેન્ટરના સેક્રેટરી શ્રી જગદીશ વોરા મળી ગયા. મારું કાર્ડ આપી પરિચય આપ્યો. તેઓ મને પ્રથમ જ જ્યાં બધા નાસ્તો, ચા-પાણી (નવકારશી) કરી રહ્યા હતા ત્યાં લઈ ગયા. બધા ઉમેદવારના વડીલો પ્રફુલ્લિતપણે નવકારશી માણી રહ્યા હતા. વડીલો સાથે વાત કરતાં તેમનો આનંદ પરખાઈ આવતો હતો. તેમને સંતોષ હતો કે ભલે આજના અતિવ્યસ્ત આ જમાનામાં કોઈ જ શુભેચ્છકો સગપણનો પ્રૉબ્લેમ હલ કરવામાં રસ લેતા ન હોય, પરંતુ કમ સે કમ જેજેસી તો અમારામાં રસ લઈ અમારી મદદે આવ્યું છે. અમારી મૂંઝવણ ૫૦% ઓછી કરી નાખી છે. ધન્યવાદ છે આવી પરગજુ સંસ્થાને અને તેના કાર્યકર્તાઓને.

ત્યાર બાદ મેં જગદીશ વોરા પાસેથી વધારે માહિતી મેળવી.

● જેજેસી કાંદિવલી યોજિત આ કેટલામો યુવામેળો છે?

❑ ખરેખર જોઈએ તો અમારું એક સગપણ માહિતી સેન્ટર સફળતાથી ચાલે છે અને આ તેનું By-Product છે અને આજે આ સાતમો યુવામેળો છે.

● કેટલાં યુવક-યુવતીએ ભાગ લીધો છે?

❑ ૧૧૭ યુવકો અને ૧૧૭ યુવતીઓ. તેમના બબ્બે વડીલો સાથે આવેલ છે.

❁ એક વેધક સવાલ. તમે આ યુવામેળો કેમ ફક્ત ગ્રૅજ્યુએટ અથવા Above Graduate પૂરતો સીમિત રાખો છો? તો પછી ઓછું ભણેલાં યુવક-યુવતીઓની મદદે કોણ આવશે.? તેમનો હાથ કોણ પકડશે?

❑ જુઓ, દરેક સંસ્થાને સમય અને નાણાંનું લિમિટેશન હોય છે. અમારા પ્રમુખ સંજયભાઈ ખૂબ જ અનુભવી અને દૂરદર્શી છે. બધા માટેના Open મેળામાં ખૂબ જ Entryઓ આવે છે. હવે તમે જ વિચારો કે S.S.C. કે બારમું ભણેલાં યુવક-યુવતીઓને વધુ ભણેલા ઉમેદવાર પસંદ કરે? અશક્ય છે. દરેકને પોતાનો સમકક્ષ ઉમેદવાર જ જોઈએ છે એ તો આપણો અનુભવ છે. હવે જ્યારે આવાં યુવક-યુવતી પોતાનો પરિચય સ્ટેજ પરથી આપતાં હોય ત્યારે ભણેલા ઉમેદવારો માટે સમય વેડફાઈ જ જાય. કાં તો આ પ્રોસેસ Fast Track પર કરવી પડે અથવા બધું જ અધકચરું થાય. એના કરતા Margin જ નક્કી કરી નાખીએ તો દરેકનો સમય વેડફાય નહીં અને યુવામેળો પરિણામલક્ષી બની જાય. બાકી અમારી બીજી લિમિટમાં ઉંમર પણ આવે છે. અમારા યુવામેળામાં ૩૨ વર્ષ સુધીના જ ઉમેદવાર ભાગ લઈ શકે છે. સંજયભાઈએ બધું વિચારીને જ આ લિમિટ બાંધી છે.

Thank you સાહેબ! જમીને જજો.

ત્યાર બાદ સ્ટેજ ફંક્શન ચાલુ થયું. સેન્ટ્રલ બોર્ડમાંથી સર્વશ્રી રમેશ મોરબિયા, જિતેન્દ્ર કોઠારી, પ્રફુલ્લ કામદાર, કિશોર શેઠ, રાજેશ ભણશાલી, રમેશ સંઘવી, અનિલ દોશી તથા ઝાલાવાડ મૂર્તિપૂજક સંઘના પ્રમુખ શ્રી બિપીનભાઈ તથા સેક્રેટરી મુકેશભાઈ ખાસ પધારેલ. મંચસ્થ મહાનુભાવોમાં દરેક પદાધિકારીઓ ઉપરાંત આ યુવામેળાનાં દાતાઓ શ્રીમતી સરોજબહેન કિરીટભાઈ શાહ તથા મોદી પરિવાર વતી શ્રી ભરતભાઈ ચુનીલાલ મોદીએ સ્થાન લીધું.

સપૂર્ણ કાર્યક્રમનું સંચાલન દરેક વર્ષની જેમ શ્રી સંજય શાહ તથા શ્રીમતી રેખા સંજય શાહે તેમની હળવાશવાળી શૈલીથી કર્યું. આવા ભારે માહોલમાં Humour ઉમેરી સંચાલન કરવામાં આવતા ઉમેદવારો અને તેમના વડીલો હળવાશ અનુભવે છે અને કાર્યક્રમ પણ માણે છે.

છેલ્લે પર્સનલ ઈન્ટરવ્યૂ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

મેં કાંદિવલી સેન્ટરની મહેમાનગતી માણી વિદાય લીધી.

*અહેવાલ : આર્મેશકુમાર જૈન*




જેજેસી-કાંદિવલી આયોજીત સાતમો યુવા મેળો




જેજેસી-સુરેન્દ્રનગર આયોજીત ૨૨મો સમૂહલગ્ન




જેજેસી-ડીસા પદગ્રહણ સમારોહ



જેજેસી-લેડીઝ વીંગ ગોંડલ ચાર્ટર્ડ ઓપનીંગ



શ્રી ઝાલાવાડ શ્વે.મૂર્તિપૂજક સંઘ-ફાઉન્ડેશન તથા
ઝાલાવાડ બિઝનેશ ફોરમ દ્વારા, જેજેસીમાં ઉચ્ચ હોદ્દા પ્રાપ્ત
કરવા બદલ સન્માનિત શ્રી જિતેન્દ્ર કોઠારી તથા શ્રી સંજય શાહ

## વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે ચુંટાયેલ સેન્ટ્રલ બૉર્ડના પદાધિકારીઓના સન્માર્થે મુંબઈના સર્વ જેજેસી સેન્ટરો દ્વારા યોજાયેલ સન્માન સમારંભની તસ્વીરી ઝલક...

### મંચસ્થ પદાધિકારીઓ




### સમારંભમાં સંબોધન કરતાં પદાધિકારીઓ નીચે પ્રમાણે


શ્રી સંજય શાહ-ચૅરમૅન-સેન્ટ્રલ બૉર્ડ


શ્રી રમેશ મોરબીયા-IPC


શ્રી જિતેન્દ્ર કોઠારી-ચૅરમૅન-જેજેસી ચેરીટેબલ ટ્રસ્ટ


શ્રી પ્રફુલ્લ કામદાર-વાઈસ ચૅરમૅન


શ્રી પ્રવિણ શાહ-વાઈસ ચૅરમૅન


શ્રી કિશોર શેઠ-સેક્રેટરી જનરલ


શ્રી કિરણ શાહ-ભૂ.પૂ.ચૅરમૅન ચેરીટેબલ ટ્રસ્ટ


શ્રીમતી રેખા શાહ-સંજય શાહના ધર્મપત્ની


શ્રી ચંદ્રકાંત દોશી-સેક્રેટરી જેજેસી વિલેપાર્લા

## વર્ષ ૨૦૧૬-૧૭ માટે ચુંટાયેલ સેન્ટ્રલ બૉર્ડની કાર્યવાહક કમિટીના પદાધિકારીઓનું તેમની ધર્મપત્નીસહ મુંબઈના સર્વ જેજેસી સેન્ટરો દ્વારા આયોજીત એક સંયુક્ત સમારંભમાં ટ્રૉફી એનાયત કરીને સન્માન કરવામાં આવ્યું (તા. ૨૦.૨.૨૦૧૬)


































# ભાવભરી શ્રદ્ધાંજલી

જન્મ
૬-૧૨-૧૯૬૧



અરિહંતશરણ
૧૦-૧-૨૦૧૬

## સ્વ. રાજેશભાઈ મનહરલાલ દોશી

**વડીલ શ્રી મનહરભાઈ, ભાઈશ્રી સંજયભાઈ, ભાભીશ્રી ઈલાબેન,**
**ફૂલ સમાન દીકરીઓ પલક અને ધ્વનિ તથા ઘરના સર્વે**

જય જિનેન્દ્ર

''જન્મ જીવનની શરૂઆત છે તો,
મૃત્યુ જીવનનો અંત છે.''
''જન્મ અને મૃત્યુ વચ્ચેનો સમયગાળો લાંબો હોય કે ટૂંકો,
મહત્ત્વનું છે તમો કેવું જીવ્યા.''

દૃઢ મનોબળ, સ્પષ્ટવક્તા, મહેન્તુ રાજેશભાઈ એટલે બીજાના દુઃખમાં દુઃખી અને બીજાના સુખમાંસુખી, તન-મન અને ધનથી કોઈને પણ સાથ આપનાર જીવ, હંમેશાં હકારાત્મક વલણ ધરાવતા અને પ્રગતિમાં માનતા એવો અભિગમ ધરાવતા હતા.

તેઓએ સમાજઉપયોગી કાર્યમાં હંમેશાં દરેક સંસ્થાની કરોડરજ્જુ બની કાર્ય આગળ ધપાવવાની પ્રેરણા આપી છે.

તેઓએ પોતાના પરિવારનું જતન કરી સદાય મહેક્તું રહે તેવી સમજ સિંચન કરેલ છે.

આવા મુઠ્ઠીઉંચેરા માનવીના જવાથી સમાજ અને દોશી પરિવાર પર આવી પડેલ આપત્તિમાં આપણે સૌ સભ્ય બે હાથ જોડી મસ્તક નમાવી પ્રભુને પ્રાર્થીએ. તેઓનો આત્મા જ્યાં હોય ત્યાંથી વહેલામાં વહેલી તકે ''સદ્ગતિ'' પામે...

મણિકાંત વી. કોઠારી
પ્રમુખ

પ્રફુલ્લ વી. કામદાર
મંત્રી

Advt.

# મહાશિવરાત્રિ
# ભોલેનાથ ભગવાન શિવજીની ઉપાસનાનો અપૂર્વ અવસર

■ રશ્મિકાંત જેવતલાલ શાહ - ઉપપ્રમુખ જેજેસી-સાયન માટુંગા

મહાશિવરાત્રિ મહા વદ ૧૩ના આવે છે. આ વર્ષે તા. ૭.૩.૨૦૧૬ ને સોમવારના રોજ શિવભક્તો ભગવાન શિવજીની ઉપાસના શ્રદ્ધા અને ભક્તિથી કરશે. શિવરાત્રિના વ્રતની ઉપાસના ત્રણ પ્રકારે થાય છે. ઉપવાસ, પૂજા અને જાગરણ. આ દિવસે ૐ નમઃ શિવાયના જાપ ખૂબ જ ઈષ્ટ ફળ આપે છે.

મહાશિવરાત્રિના દિવસે હર અને હરિ એક થાય છે, તેથી શંકર ભગવાનને તુલસી અને શ્રી વિષ્ણુને બીલીપત્ર ચડાવવામાં આવે છે. શિવરાત્રિના રાત્રિના ચાર પ્રહરમાં ચાર પૂજા કરવામાં આવે છે. તેને યામ પૂજા કહેવામાં આવે છે. ભગવાન શિવ ભોલે ભંડારી છે, તેમની પૂજા જે વ્યક્તિ ભાવપૂર્વક કરે છે તે તેનાથી જ પ્રસન્ન થઈ જાય છે. સર્વસુલભ જળથી જો શિવલિંગનો અભિષેક કરવામાં આવે તો ભોલેનાથના વિશેષ આશીર્વાદ પ્રાપ્ત થાય છે.

મહાશિવરાત્રિ એકંદરે ભક્તિ, ભાવના અને શ્રદ્ધાનો વિશિષ્ટ મહિમા ધરાવતો તહેવાર છે.

ઉપવાસ, પૂજા અને જાગરણ એ ત્રણ મહાશિવરાત્રિની આરાધનાનાં મુખ્ય અંગો છે. એ વિશે એક વાર્તા ખૂબ જ પ્રચલિત છે. એક પારધી તેના પરિવાર માટે ખોરાકની શોધમાં જંગલમાં જાય છે. ત્યાં કોઈ શિકાર મળે તેની રાહમાં આખો દિવસ નીકળી જાય છે. રાતનું અંધારું થતાં તે એક ઝાડ પર ચડી જાય છે. આ ઝાડ નીચે જ એક અપૂજ શંકર ભગવાનનું લિંગ હોય છે. રાતના અંધારામાં દેખાય તે માટે તે વૃક્ષનાં પાન તોડી નીચે ફેંકે છે જે યોગાનુયોગ બીલીપત્ર હોય છે અને શંકર ભગવાનના લિંગ પર પડે છે. સવારનો નકરડો ઉપવાસ, બીલીપત્રથી લિંગની પૂજા અને આંખમાંથી પડતાં આંસુથી લિંગ પર અભિષેક, મોડી રાત સુધી શિકારની રાહમાં થયેલો ઉજાગરો અને તે હતી શિવરાત્રિની રાત, આમ અનાયાસે તેણે કરેલી ભોલેનાથની પૂજાથી પ્રભુ પ્રસન્ન થાય છે અને તેને વરદાન માગવાનું કહે છે.

આમ શિવરાત્રિની આરાધના ભક્તોને અનેરું ફળ આપે છે. શાસ્ત્રોક્ત રીતે તો દરેક રાશિ પ્રમાણે વિવિધ મંત્રોચ્ચાર વડે ભોલેનાથની પૂજા કરવાની હોય છે, પણ એક લોકવાયકા પ્રમાણે ભગવાન શંકર જેટલા ઝડપથી ગુસ્સે થઈ જાય છે તેનાથી વધુ ઝડપે પ્રસન્ન થઈ જાય છે, એટલે જ તેઓ ભોલેનાથ કહેવાય છે.

ચાલો આપણે પણ દેવોના દેવ મહાદેવની નિષ્ઠાપૂર્વક ભક્તિ કરીએ અને મહાશિવરાત્રિના અપૂર્વ અવસરે તેમના આશીર્વાદ પામીએ... જય મહાદેવ જય શંભુ.

## રંગોત્સવ-ધુળેટી

બુધવાર, તા. ૨૩-૩-૨૦૧૬ના રોજ, ઉત્સવઘેલા જેજેસી પરિવાર મિત્રોએ ધુળેટીનો રાષ્ટ્ર ઉત્સવ ખૂબ જ આનંદ-ઉલ્લાસથી, જૈન શાસનના Code of Conductમાં રહીને ઊજવવો જોઈએ, એટલે કે પાણીનો સીધો કે આડકતરો વેડફાટ ન થાય, પ્રશસ્ય મર્યાદા અને શબ્દોની શિસ્ત જળવાઈ રહે તેવી રીતે ઊજવવો. આનંદ કરવામાં કોઈ રોક ન હોઈ શકે. ગેટ-ટુ-ગેધર, રંગારંગ કાર્યક્રમ, સંગીત, રમતગમત, હાઉઝી ગૅમ તથા સમૂહ ભોજન આ બધા નિર્દોષ આનંદના ભાગ છે. વર્ષોથી ચાલી આવતા કલરના લપેડાથી દૂર રહીએ તો રંગોત્સવ રૂટીન લાઈફમાં ઉત્સાહ ભરી દે છે. જૈનો સામાન્યતઃ હોળી પ્રગટાવવાથી કે તેને આડકતરા અનુમોદનથી દૂર જ રહે છે, કારણકે તેમાં ભયંકર જીવહિંસા થાય છે.

આજકાલ તિલક હોળી એ રંગોત્સવનું નરવું સ્વરૂપ છે જેમાં લલાટે ફક્ત ગુલાલનું તિલક કરવામાં આવે છે.

આ રીતે હોળી ઊજવવી એમ સેન્ટ્રલ બોર્ડની આદેશાત્મક વિનંતી છે. .....

## ૨૨મો સમૂહલગ્નોત્સવ
### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ
### જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

આયોજન

શનિવાર તા. ૩.૧૨.૨૦૧૬ના રોજ, કચ્છી ગ્રાઉંડ બોરીવલી - વેસ્ટમાં કરવાનું નક્કી કરવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે ૨૧ યુગલોને લેવાનાં છે. વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭. ટે. નં. ૬૫૭૨૬૬૩૬ ટેલિફૅક્સઃ ૬૬૯૭૩૦૩૮

Email: admin@jainjagruti.com
Website: www.jainjagruti.com

# Valuable thoughts of Warren Buffet

વોરન બફેટે ૩૧ બિલિયન ડૉલરનું દાન કર્યું તે પછી સીએનબીસીએ લીધેલા તેમના ટેલિવિઝન ઈન્ટરવ્યૂ દરમિયાન તેમણે કરેલાં કેટલાંક વિધાન વિશ્વભરના ધનપતિઓ માટે જ નહીં, પરંતુ દુનિયાભરના તમામ લોકોએ તેમાંથી શીખવા જેવી વાત છે. કેટલીક મહત્ત્વપૂર્ણ વાતો આ પ્રમાણે છેઃ

(૧) મને મારી જિંદગીની કમાણીનો હિસ્સો પહેલી જ વાર ૧૧ વર્ષની વયે પ્રાપ્ત થયો હતો. એ વખતે મોંઘવારી નહોતી. તમે તમારાં બાળકોને ઈન્વેસ્ટ કરતાં શીખવો.

(૨) મેં ૧૪ વર્ષની વયે ન્યૂઝ પેપર્સનું વિતરણ કરીને જે બચત કરી હતી તેમાંથી એક નાનકડું ફાર્મ ખરીદ્યું. તમે નાનકડી પણ બચત કરીને ઘણું મેળવી શકો છો. તમે તમારા સંતાનને કોઈ પણ ધંધો કરવા પ્રોત્સાહિત કરો. મેં ૧૧ વર્ષની વયે કમાણીની શરૂઆત કરી હતી, પરંતુ આજે મને લાગે છે કે મેં ઘણું મોડું શરૂ કર્યું. મારે તે કરતાંય વહેલા કમાવાનું શરૂ કરવાની જરૂર હતી.

(૩) હું આજે પણ ત્રણ બેડરૂમના નાનકડા ઘરમાં રહું છું. આ ઘર મેં આજથી ૫૦ વર્ષ પહેલાં મિડટાઉન ઓમાહામાં ખરીદ્યું હતું. મારા આ નાનકડા ઘરમાં કોઈ દીવાલો કે બહાર તારની વાડ નથી. મારા ઘરમાં મારે જેની જરૂર છે તેટલી ચીજવસ્તુઓ જ ઉપલબ્ધ છે. તમારે જરૂર છે તે કરતાં વધુ કોઈ પણ ચીજની ખરીદી ન કરો. તમારાં બાળકોને પણ એમ જ શીખવો કે જરૂરિયાત કરતાં વધારાની ચીજવસ્તુઓની ખરીદી કરી પૈસા ન બગાડે.

(૪) હું મારી મોટરકાર જાતે જ ચલાવું છું. ડ્રાઈવર રાખતો નથી. મારી આસપાસ સલામતી માટે પણ માણસો રાખતો નથી. તમે જે છો તે જ રહેવાના છો.

(૫) વિશ્વની મોટામાં મોટી પ્રાઈવેટ જેટ કંપનીનો માલિક હોવા છતાં હું મારા માટે પ્રાઈવેટ જેટ વિમાન રાખતો નથી. જીવનની દરેક બાબતમાં કરકસર કરો.

(૬) બર્કશાયર હાથવે નામની મારી પેઢી ૬૩ જેટલી કંપનીઓ ધરાવે છે.

આ તમામ કંપનીઓના સીઈઓને વર્ષમાં હું એક જ પત્ર લખું છું. તેમને મારે જે જોઈએ છે તે લક્ષ્યાંક આપી દઉં છું. હું નિયમિત મિટિંગો બોલાવતો નથી. વર્ષમાં મારા લક્ષ્યાંકો આપવા એક જ મિટિંગ બોલાવી બાકી તે લક્ષ્યાંક હાંસલ કરવાનું કામ હું તેમને સોંપી દઉં છું. લક્ષ્યાંક પૂરો કરવાની જવાબદારી મારી કંપનીઓના વડાઓની છે.

(૭) હું યોગ્ય વ્યક્તિને જ યોગ્ય કામ આપું છું. મતલબ કે રાઈટ પીપલ ને રાઈટ જોબ આપું છું.

(૮) હું મારા સીઈઓને એ નિયમો આપું છું, રૂલ નંબર એક : શૅરહોલ્ડરનાં નાણાં ડૂબવાં જોઈએ નહીં. રૂલ નંબર બે : પહેલા નંબરના રૂલનો કદી ભંગ થવો જોઈએ નહીં.

તમે એક ગોલ નક્કી કરો અને તમારા માણસોને ગોલ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી વ્યવસ્થા કરો.

(૯) મોટા મેળાવડાઓ કે હાઈ સોસાયટીના જમેલાઓમાં જઈ હું સમય બગાડતો નથી. એમ કરવાને બદલે હું મારા ઘરે જઈ પોપકોર્ન ખાતાંખાતાં ટેલિવિઝન જોવાનું પસંદ કરું છું.

(૧૦) તમે જે નથી તેનો દેખાડો કરવાનો પ્રયાસ કદી ન કરશો. હું જે છું તેવો જ સમાજમાં દેખાઉં તે જરૂરી છે. તમને જે ગમે છે તે પ્રમાણે જીવનનો આનંદ માણો.

(૧૧) મારી પાસે કોઈ સેલ ફોન નથી. હું મારા ટેબલ પર કમ્પ્યુટર પણ રાખતો નથી.

(૧૨) હું કોઈ ક્રેડિટ કાર્ડ રાખતો નથી. ક્રેડિટ કાર્ડ કદી રાખું નહીં. હું બૅન્કોમાંથી લોન લેતો નથી.

(૧૩) એક વાત યાદ રાખો કે પૈસો માનવીનું સર્જન કરતો નથી, પરંતુ માનવી જ પૈસાનું સર્જન કરે છે.

(૧૪) બની શકે તેટલી સાદગીથી જીવન જીવો.

(૧૫) બીજાઓ જે કરે છે તેમ ન કરો. બીજાઓ જે કહે છે તે સાંભળો અને તમને યોગ્ય લાગે તેમ જ કરો.

(૧૬) કોઈ પણ બ્રાન્ડનેમ પાછળ પાગલ ન બનો. બ્રાન્ડનેમ જોઈને ખરીદી ન કરો. તમને જેમાં સુવિધા લાગતી હોય તે જ વસ્ત્રો, ચશ્માં કે જૂતાં પહેરો.

(૧૭) બિનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરી પૈસા બરબાદ ન કરો. તમને જેની જરૂરિયાત છે તે જ વસ્તુઓ ખરીદો.

(૧૮) આખરે તમારું જીવન એ તમારું જ છે. બીજાઓ તમારા જીવન પર રાજ કરે તેવી તક બીજાઓને ન આપો. તમને જરૂર જ ન હોય છતાં કોઈ બ્રાન્ડનેમવાળી જ ઘડિયાળ તમે ખરીદો છો ત્યારે એ બ્રાન્ડ ધરાવતી કંપની આડકતરી રીતે તમારી પર રાજ કરે છે તે સત્ય સમજો.

(૧૯) વિશ્વના સુખી લોકો પાસે વિશ્વની શ્રેષ્ઠ બ્રાન્ડ ધરાવતી ચીજવસ્તુઓ હોતી જ નથી. તેમની પાસે જે ઉપલબ્ધ છે તેની જ તેઓ કદર કરે છે.

વિશ્વના બીજા નંબરના સહુથી ધનિક એવા વોરન બફેટને વિશ્વના સહુથી વધુ ધનવાન એવા બિલ ગેટ્સે એક વાર મળવાનું નક્કી કર્યું. બિલ ગેટ્સ માનતા હતા કે મારી અને વોરન બફેટ વચ્ચે કાંઈ જ કોમન નથી. તેથી બિલ ગેટ્સે માન્યું કે વોરન બફેટ સાથે મારી અડધો કલાકની મિટિંગ પૂરતી છે, પરંતુ બિલ ગેટ્સ વોરન બફેટને મળવા ગયા અને વોરન બફેટ પાસેથી તેઓ પૂરા ૧૦ કલાક બાદ ઊભા થયા. તે દિવસ બાદ બિલ ગેટ્સ વોરન બફેટના ભક્ત અને પ્રશંસક બની ગયા.

ખિસ્સામાં બેબે મોબાઈલ ફોન્સ, પ્રાઈવેટ જેટ વિમાનો, બ્રાન્ડનેમ ધરાવતાં લાખો રૂપિયાનાં ચશ્માં, ઘડિયાળો અને રૂા. ૬૦૦૦ કરોડનો ભવ્ય આશિયાનો બાંધતા ભારતના નવધનિકોને વોરન બફેટની આ સલાહો નહીં ગમે, પરંતુ સામાન્ય વ્યક્તિઓએ તો જીવનમાં ઉતારવા જેવી છે.


**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक। *नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 •Tel.: 022-24121234**



**BIO-DATA**

**Name** : **ABHAY SHAH**

**Born in Year** : 1968

**Contact** : 080-22443743

**Education** : B.Com. & Diploma in

**Qualification** Computer Engineer

**Address** : Jeevan Sathi Colony,
Block No. 22, Flat No. 227,
25th Main, 10th Cross,
J. P. Nagar, 1st Phase,
Bangalore - 560 078.

બેંગલોરનિવાસી દેરાવાસી જૈન ઉંમર ૪૬ વર્ષ, ઊંચાઈ ૫'-૧૧'', સ્માર્ટ ડાયવોર્સી યુવક માટે યોગ્ય કુંવારી, ડાયવોર્સી, વિધવા, નિ:સંતાન કન્યા આવકાર્ય છે.

Advt.

# જૈન શ્રમણ-શ્રમણી

■ ધનવંત શાહ

નમો આયરિયાણં - આચાર્યને નમન
નમો ઉવજ્ઝાયાણં - ઉપાધ્યાયને નમન
નમો લોએ સવ્વ સાહૂણં - વિશ્વના સર્વ સાધુઓને નમન

જૈનોના મહામંત્ર નવકારની આ ત્રીજી, ચોથી અને પાંચમી પંક્તિ છે. પહેલી બે પંક્તિમાં નમો અરિહંતાણં-અરિહંત ભગવાનને નમઃ- નમો સિદ્ધાણં - સિદ્ધ ભગવાનને નમઃ, નમન છે. આ પાંચે મળીને પંચપરમેષ્ઠિ નમસ્કાર કહેવાય છે. આ પાંચ પછી બીજી ચાર પંક્તિ છે, એટલે એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવાઈ મંગલં, એટલે નવકાર મહામંત્રની સંપૂર્ણ નવ પંક્તિ છે.

આ બધી પંક્તિમાં ક્યાંય જૈન ધર્મના કોઈ ભગવાનનું નામ નથી, કે નથી જૈન ધર્મના કોઈ તત્ત્વવિચારની ગુંથણી. માત્ર સર્વને નમન. એટલે આ મંત્ર માત્ર જૈનો માટે જ નહિ, સમગ્ર માનવ માત્ર માટે આ 'મંત્ર' છે.

અહીં ઉપરની ત્રણ પંક્તિનો ઉલ્લેખ કર્યો છે, કારણકે એ નમન શ્રમણ-શ્રમણી જગતને છે અને આ લેખનો આ વિષય છે. ભારતના લગભગ ૫૦ લાખ જૈન રોજ આ પૂર્ણ નવકારનું સ્મરણ કરતા જ હશે, એટલે આ શ્રમણ-શ્રમણી ભગવંતોને તેઓ પ્રતિદિન વંદન કરે છે. આવી સંપૂર્ણ શ્રદ્ધા અને સમર્પણ છે જૈનોને એમના ગુરુભગવંતો પ્રત્યે.

જૈન શાસન પર તીર્થંકર ભગવાન પછી આ શ્રમણ-શ્રમણી ભગવંતોનો મહત્ત્વનો પ્રભાવ છે.

જૈન ધર્મના આ શ્રમણ-શ્રમણી વર્ગને જગતમાં ખૂબ જ આદરથી જોવાય છે એ વર્ગના કઠિન તપ અને તેઓશ્રીની કઠિન દિનચર્યાને કારણે. અહિંસા, સત્ય, અપરિગ્રહ, અચૌર્ય અને બ્રહ્મચર્ય એ પાંચ મહાવ્રતનું પાલન એ મોક્ષદ્વાર માટેનું તપ છે અને આ તપ આ વર્ગ ખૂબ જ સમતાભાવથી કરે છે અને પરીષહો સહન કરી પોતાનાં કર્મોની નિર્જરા કરે છે.

કહેવાય છે કે સિકંદર જ્યારે ભારતવિજય માટે નીકળ્યો ત્યારે એણે પોતાના ગુરુને પૂછ્યું કે, 'આપને માટે ભારતથી શું લાવું?' ત્યારે ગુરુએ કહ્યું કે, 'ભારતથી એક જૈન સાધુ લઈ આવજે.' આવી પ્રતિષ્ઠા હતી જૈન શ્રમણોની. જોકે, સિકંદર પોતાના ગુરુની એ ઈચ્છાને પૂરી ન કરી શક્યો, કારણકે જૈન શ્રમણ પાદવિહારી છે અને વાહન અને વહાણનો ઉપયોગ કરે તો જ ભારતથી સિકંદરના દેશ સુધીની લાંબી મજલ કાપી શકાય. વર્તમાનમાં પણ આ વર્ગની આશ્ચર્યજનક દિનચર્યાનો અભ્યાસ કરવા ફ્રાન્સ અને સ્વિત્ઝરલૅન્ડથી વીસ તબીબોની ટુકડી આવી છે.

જૈનોનો આ શ્રમણ-શ્રમણી વર્ગ હમણાં થોડા સમયથી ચર્ચાને ચકડોળે છે એમની બદલાતી જતી આધુનિક જીવન પદ્ધતિને કારણે.

વ્રત, વાસ્તવિકતાં વિજ્ઞાન અને આધુનિકતાનું એક સંઘર્ષ વર્તુળ સર્જાયું છે. આધુનિક્તા સાથે કદમ મિલાવવા જાય તો દીક્ષા સમયે લીધોલાં પાંચ મહાવ્રતમાંથી કેટલાંકનું અંશતઃ ખંડન થાય છે અને કદમ ન મિલાવે તો ધર્મની કહેવાતી ગતિ થતી નથી. ધર્માભિમુખ વર્ગ વધશે નહિ એવું મનાય છે.

વર્તમાનમાં જૈન શ્રમણ-શ્રમણીની કુલ સંખ્યા લગભગ ૧૬૦૦૮ની છે. આ સંખ્યામાં મુનિભગવંત ૩૯૪૨ અને સાધ્વીશ્રીની સંખ્યા ૧૨૦૬૬ની છે.

જૈનોના મુખ્ય ચાર ફિરકા - એમાં સ્થાનકવાસી સંપ્રદાયમાં ૧૩ આચાર્ય, ૭૨૩ મુનિ ભગવંત, સાધ્વીશ્રી ૩૨૭૯ - કુલ ૪૦૦૨.

શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં ૨૪૫ આચાર્ય, ૨૨૦૮ મુનિ ભગવંત, ૭૪૫૯ સાધ્વીશ્રી - કુલ ૯૬૬૭.

દિગંબર સંપ્રદાયમાં ૯૬ આચાર્ય, ૮૪૪ મુનિ ભગવંત, ૭૭૫ સાધ્વીશ્રી - કુલ - ૧૬૧૯.

તેરાપંથી સંપ્રદાય - ૧ આચાર્ય, ૧૬૭ મુનિભગવંત, ૫૫૩ સાધ્વીશ્રી - કુલ ૭૨૦.

ઉપરના આંકડામાં ક્યાંક ભૂલ હોય તો ક્ષમા, પણ વિશેષ ફેર નહિ પડે.

ઉપરની સંખ્યાથી એ ચિત્ર સ્પષ્ટ છે કે શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં શ્રમણ-શ્રમણીની સંખ્યા વિશેષ છે. દિગંબર સંપ્રદાય સિવાય અન્ય ત્રણ સંપ્રદાયમાં સાધ્વીશ્રીની સંખ્યા વિશેષ છે, એમાંય શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં સાધ્વીશ્રીની સંખ્યા ઘણી વિશેષ છે. તેરાપંથી સંપ્રદાયમાં

એક જ આચાર્ય છે.

ભગવાન મહાવીરના નિર્વાણને લગભગ ૨૫૪૨ વર્ષ થયાં ત્યારથી આજ સુધી આ ચારે સંપ્રદાયનાં શ્રમણ-શ્રમણીનું એક પણ સંમેલન ક્યારેય યોજાયું નથી.

આવું એક સંમેલન યોજાય તો એ ઘટના જૈન ધર્મના ઈતિહાસમાં અમૂલ્ય ઘટના બની રહેશે. એ ઘટનાથી જૈન ધર્મે આપેલા અનેકાંતવાદની ઊજળી પ્રતિષ્ઠા થશે.

ચતુર્વિધ સંઘના આગેવાનો એકત્ર થઈ આવું ઐતિહાસિક સંમેલન યોજે, એમાંથી એક ફેડરેશનનો જન્મ થાય અને એ ફેડરેશન જૈન ધર્મની બધી જ સમસ્યાના ઉકેલ માટે કાર્યરત થાય તો એ જૈન શાસનની મહાન સેવા ગણાશે.

આવા અભૂતપૂર્વ સંમેલન માટે શાસન દેવને આપણે પ્રાર્થના કરીએ.

જૈન સોશિયલ ગ્રુપો કે એવાં ગ્રુપો આ ઐતિહાસિક દિશામાં પહેલ કરી શકે, કારણકે આ ગ્રુપોમાં ચારે ફિરકાના સભ્યો છે.

જૈન આગમોને કંઠોપકંઠથી લિપિબદ્ધ કરવા પાટલીપુત્ર, ઓરિસા, મથુરા અને છેલ્લે ઈ.સ. ૪૫૪માં દેવર્ધિગણી ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં ૫૦૦ આચાર્યો એકત્ર થયા અને વર્તમાન આગમો લિપિબદ્ધ થયા.

શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છના શ્રમણ સંમેલનની વિગત અને પ્રશ્નો પ્રગટ કરતો ૪૮ પાનાંનો એક દીર્ઘ પત્ર મને સુરતથી મહેતા સેવંતીલાલે - મો. નં.૦૯૮૨૪૧૫૨૭૨૭ - મોકલ્યો. આવો પત્ર એમણે ૨૦૦થી વધુ આચાર્ય ભગવંતો, ૧૦૦થી વધુ સાધ્વીજી ભગવંતો, ૧૦૦થી વધુ શ્રાવકો અને ૫૦થી વધુ શ્રાવિકાઓને મોકલ્યો છે.

એમાના પ્રશ્નોના જવાબ આ સર્વે પાસેથી તેઓશ્રીએ માગ્યા છે. એ જવાબો તેઓ એમની વેબસાઈટ www.palitanasamelan2072.com પર મૂકવાના છે.

'જાગૃતિ સંદેશ'ના વાચકો તેઓશ્રી પાસેથી આ પ્રશ્નો મગાવીને ઉત્તર આપી શકે છે.

શ્રી સેવંતીભાઈના આ દીર્ઘ પત્રની મુખ્ય ચર્ચા તપાગચ્છના શ્રમણ ભગવંતોના અત્યાર સુધી, વિક્રમ સંવત ૧૯૯૦, ૨૦૧૪ અને ૨૦૪૪માં મળેલાં સંમેલનો, એના ઠરાવો અને ફલશ્રુતિ વિશે છે. ઉપરાંત આ વર્ષ વિ. સં. ૨૦૭૨ના ફાગણ માસમાં પાલિતાણામાં યોજાનારા તપાગચ્છના શ્રમણ સંમેલન વિશે છે.

આ સંમેલનોની ચર્ચા અને એમાંથી સમયેસમયે ઉદ્ભવેલા પ્રશ્નોની અહીં ચર્ચા નથી કરવી, પરંતુ આ દીર્ઘ પત્રમાંથી ઊપસતા કેટલાક ચિંતનાત્મક અને ચિંતાજનક પ્રશ્નોની ખુલ્લામને ચર્ચા કરવાનો આ લખનારનો અહીં અભિગમ છે.

જૈન સાધુ - સાધ્વીની મહત્તા વિશે આ લેખની શરૂઆતમાં મેં લખ્યું જ છે. જૈન સાધુ - સાધ્વીના આચાર આગમઆજ્ઞા પ્રમાણે છે, જે સર્વજ્ઞનાં વચનો છે, એટલે જ જૈન ધર્મ આચારપ્રધાન છે. સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચરિત્ર, આ ત્રિરત્નો દ્વારા જ મોક્ષપ્રાપ્તિ શક્ય છે. જૈન શ્રમણ-શ્રમણી એટલે જ આ અનિત્ય સંસારનો ત્યાગ કરી વૈરાગ્ય માર્ગ સ્વીકારે છે. એમનું એક જ લક્ષ છે સ્વાધ્યાય, સાધના, આત્માનુભૂતિ, આત્મદર્શન અને અંતે મોક્ષની પ્રાપ્તિ. એમના માટે આ મોક્ષ એ જ અંતિમ ધ્યેય છે, એટલે જ એમણે સર્વ પ્રકારના રાગનો ત્યાગ કર્યો છે અને પાંચ મહાવ્રત પાળવાની પ્રતિજ્ઞા લઈ દીક્ષા ગ્રહણ કરી છે.

જે જીવને જે પળે આ દીક્ષાભાવ જન્મ્યો હશે એ પળ કેવી કલ્પનાતીત, ધન્ય અને ભવ્ય હશે!! આવી પળની પ્રાપ્તિ જે આત્માને થઈ છે એ આત્મા જીવનભર વંદનીય છે.

આ શ્રમણ-શ્રમણી વર્ગના આચારમાં અહિંસા કેન્દ્રસ્થાને છે. આ અહિંસા જ જૈન ધર્મનો આત્મા છે. અહિંસા પરમો ધર્મ - सव्वे पाणा न हंतव्वा - કોઈ પણ જીવની હિંસા ન કરવી, આ વિચાર કેન્દ્રસ્થાને છે, એટલે કોઈ પણ પરિવર્તનમાં આ અહિંસાનો, સૂક્ષ્માતિસૂક્ષ્મ અહિંસાનો પણ ભોગ લેવાતો હોય તો એ પરિવર્તન ત્યાજ્ય કરવું એ જ ધર્મરક્ષા છે, પ્રતિજ્ઞાપાલન છે.

સર્વપ્રથમ તો સત્ય એ છે કે કોઈ ભવ્ય જીવને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો અને મોક્ષપ્રાપ્તિ અને કર્મનિર્જરા માટે વૈરાગ્યનો માર્ગ સ્વીકાર્યો એટલે લક્ષ્ય નક્કી જ છે, તો એ લક્ષ્યને એક તરફ મૂકી સમાજસેવા, શિક્ષણસેવા કે અન્ય સેવાનો માર્ગ સ્વીકારવાની જરૂર ખરી?

આ વિચારની સાથે એ દલીલ થાય કે સાધુએ સમાજનું ઋણ ચૂકવવા આવી સેવા કરવી જોઈએ. ઉપરાંત ધર્મપ્રચાર અને તત્ત્વપ્રચાર પણ સાધુની ફરજ છે. ભલે, પણ આ 'સેવા' પાંચ મહાવ્રતની લીધેલી પ્રતિજ્ઞાના

પરિઘમાં રહીને જ થવી જોઈએ એ આગ્રહ પણ અસ્થાને નથી જ.

ક્યાંક એવું પણ જોવા મળે છે કે પાંચ મહાવ્રત પાળતાંપાળતાં એ સમયે પોતાની પ્રતિભા અને ધર્મના પ્રભાવથી 'આવી સેવા' કરવા ટ્રસ્ટ કે સંસ્થાનું સર્જન કરે, પછી આશ્રમોનું સર્જન થાય અને એ જવાબદારી પૂરી કરવા પોતાનો સ્થાયી નિવાસ આવી સંસ્થામાં કરી આવી સેવા માટે હિંસાજન્ય સાધનો - વાહન, માઈક, ઈલેક્ટ્રિક વગેરેનો ઉપયોગ પણ કરવા માંડે, અનુકૂળતા માટે સાધુતાનાં કેટલાંક ઉપકરણોનો ત્યાગ પણ કરી દેવાય, પણ આ વર્ગ વેશનો ત્યાગ ન કરે. લક્ષ બદલાય તો વેશ પણ બદલાવો ન જોઈએ? અને દીક્ષા સમયે લીધેલાં પાંચ મહાવ્રતની પ્રતિજ્ઞાનું શું? આવું દૃશ્ય જોઈને અજૈનો જૈન શ્રાવકને આ પ્રશ્ન પૂછે ત્યારે શ્રાવક મૂંઝવણમાં મુકાઈ જાય છે. અહીં ગાંધીજી યાદ આવી જાય છે. ગાંધીજી કહેતા કે સેવા કરવી હોય તો સાધુનાં વસ્ત્રોની જ શી જરૂર છે? લક્ષ બદલ્યું તો પછી બધું જ બદલવું જોઈએ. નામ પણ.

આધુનિકોની એવી દલીલ રહી છે કે ધર્મ, ધર્મધારકો અને ધર્મપ્રચારકોએ પણ આધુનિક બનવું જોઈએ.

તો શું અતિપ્રાચીન એવો આ ધર્મ છેલ્લાં ૨૫૦૦ વર્ષથી જીવંત નથી રહ્યો? એ શ્રમણોએ કઈ આધુનિકતા અપનાવી હતી? ધર્મને પોતાનું સત્ત્વ છે જ.

આધુનિકો કહે છે કે ઈલેક્ટ્રોનિક સાધનો દા.ત. વીજળી, માઈક, મોબાઈલ, લૅપટૉપ, પંખા, એસી વગેરેનો ઉપયોગ કરવો જોઈએ. પણ ભાઈ, આ બધામાં વિદ્યુતનો ઉપયોગ છે અને વિદ્યુત સચિત તેઉકાય છે. જુઓ 'વિદ્યુત સજીવ યા નિર્જિવ?' મુનિ યશોવિજયજી સંવત-૨૦૫૮, અને 'શું વિદ્યુત સચિત તેઉકાય છે?' મુનિ મહેન્દ્રકુમાર - સંવત ૨૦૦૫ - આ બન્ને પુસ્તકો વર્ષો પહેલાં લખાયાં છે અને એ પ્રમાણભૂત છે.

યુવાન શ્રમણ-શ્રમણીના હાથમાં સ્માર્ટફોન, લૅપટૉપ આવ્યાંથી તેઓ એમાં શું જુએ છે એની તકેદારી કોણ રાખશે? આ બધું 'સર્ફિંગ' કરશે તો સ્વાધ્યાય અને ધ્યાન ક્યારે કરશે?

હવે ઉપરની બધી વસ્તુનો લગભગ ઘણાં શ્રમણ-શ્રમણીઓ ઉપયોગ કરે છે. મોબાઈલ માટે ઘણાં પોતે મોબાઈલને કાને નથી સ્પર્શાવતા પણ માઈક પર સાંભળે છે અને અન્ય વચેટિયા પાસે વાત કરાવે છે. આનો શો અર્થ? વિદ્યુતનો ઉપયોગ તો થયો જ ને? મનને આ તે કેવું આશ્વાસન?

આધુનિકતાના નામે છૂટો મૂકતા જઈશું પછી પ્રચાર થાય કે ન થાય, પણ આચારશિથિલતા તો જરૂર થવાની અને પ્રતિજ્ઞાભંગનો દોષ તો ખરો જ.

જોકે, અંગત રીતે હું માનું છું કે માઈકનો મર્યાદિત ઉપયોગ, એ જ પ્રમાણે માત્ર મોબાઈલ - સ્માર્ટ ફોન નહિ - નો ઉપયોગ કરવો જોઈએ તેમ જ કૉમ્પ્યુટર ઉપાશ્રયમાં જાહેરમાં રખાય, આટલી આધુનિકતાનો સ્વીકાર આ યુગમાં જરૂરી ખરો.

કેટલાકનું એવું માનવું છે કે ઉપાશ્રય એસી હોય તો જ નવી પેઢી આવશે. આ કેવી દલીલ? નવી પેઢીને અપરિગ્રહની સાદગી આપવી છે કે પરિગ્રહના એશોઆરામ?

એવી દલીલ પણ આવશે કે ડિસ્કો મ્યુઝિક હશે તો જ યુવાનો ભાવનાભક્તિમાં આવશે!! ભાવનાગીતમાં રાગ-રાગિણી અને લોકઢાળને ભૂલીને ફિલ્મી સંગીત તો આવી જ ગયું છે!!

'ધર્મપ્રચાર અને શ્રાવકોને પ્રવચનનો - ઉપદેશ લાભ આપવા માઈક અને વાહનોનો ઉપયોગ જરૂરી છે,' આવી દલીલો પણ થાય છે. ભૂતકાળમાં જાણે કોઈ શ્રાવકોનો ઉદ્ધાર થયો જ નહિ હોય?! ધર્મપ્રચાર થયો જ નહિ હોય? અને બહુ મોટી છૂટથી તો ધર્માચાર બચવાની કોઈ જગ્યા જ નથી!

હવે તો મોટાંમોટાં અનુષ્ઠાનો સંઘ દ્વારા નહિ, પણ અંગત યોજનાથી થાય છે. આ બધાનો હિસાબ ક્યાં? ધર્મ ધંધો થઈ ગયો? શ્રમણ - શ્રમણીઓને નામે કેટલાં ખાનગી ટ્રસ્ટો છે એની વિગત સંઘો પાસે છે? ટ્રસ્ટીઓ તો માત્ર નામના જ હોય છે.

શ્રમણ-શ્રમણી જગતે આ ઉપરાંત હજી તો આવા ઘણા પ્રશ્નો ઉકેલવાના છે.

આ રહ્યા બીજા પ્રશ્નોઃ

આચાર્ય પદવી માટે કોઈ ખાસ નિયમ કે પરીક્ષા ખરી?

દેવદ્રવ્યનો ઉપયોગ અન્ય જરૂરિયાત માટે કેમ નહિ?

આ યુગમાં બાળદીક્ષા હિતાવહ ખરી?

તિથિચર્ચાનો વિવાદ પૂરો થાય તો અનેક સંવત્સરીનો સામનો ન કરવો પડે. સ્થંડિલ પરઠવાનો ગંભીર સવાલ જલદી ઉકેલાવવો જોઇએ, નહિ તો શહેરના અજૈનોનો વિરોધ થશે. ઉપાશ્રયની પરવાનગી મળવી અશક્ય બનશે.

વૃદ્ધ શ્રમણ-શ્રમણીઓનો સ્થિરવાસ તો મહાપ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉકેલ હવે તો જલદી આવવો જોઈએ. ચાતુર્માસ પ્રવેશ કે અન્ય પ્રસંગોની ભવ્યાતિભવ્ય નિમંત્રણ 'કંકોત્રી'માં કેટલો કાગળ વપરાય છે એ અંદાજ છે? જ્યોતિષ જોઈ આપી, દોરા-ધાગાા આપી મિથ્યાત્વને પોષણ આપી શ્રાવક-શ્રાવિકાને પોતાના માનીતા શિષ્યો બનાવવા અને શાસ્ત્રોમાં ન હોય એવાં ખર્ચાળ પૂજનો કરાવવાં, ભવ્ય વરઘોડા, એમાં હાથી, ઘોડા, કઈ દિશામાં આ ધર્મ જઈ રહ્યો છે?

પુસ્તક પ્રકાશન માટે ખૂબ જ મોટી ધનરાશિનો ઉપયોગ, એમાં વળી આ પ્રકાશનો માટે ભવ્યાતિભવ્ય સંમેલનો!! આ પુસ્તકોમાંથી કાળની કસોટીમાંથી ક્યું ચિરંજીવ થશે!

શ્રી સેવંતીભાઈએ આવા ઘણા પ્રશ્નોની હારમાળા મૂકી ભવિષ્યનાં શ્રમણ-શ્રમણીનું એક શબ્દચિત્ર મૂક્યું છે. એ એ જ શબ્દોમાં અહીં પ્રસ્તુત કરીએ છીએ.

''હવે પછીની પરિસ્થિતિમાં-

આપણે એક પૂજ્યશ્રી પાસે જઈશું, પંખો/કદાચ એ.સી. ચાલતું હશે. બે-ત્રણ મોબાઈલ, લૅપટૉપ ચારેબાજુ પડેલાં હશે. કંકોત્રીઓ કે પ્રકાશનોની પ્રિન્ટ નીકળતી હશે. પૂજ્યશ્રી તેઓશ્રી માટે બનાવેલ સિંહાસનતૂલ્ય પાટ પર ચાર-પાંચ લિયરની ગાદી પર (નીચે આસન હશે) બિરાજમાન હશે. આ સિંહાસનો, ગાદીઓ, પંખા, એ.સી., લૅપટૉપ-આજે જ વૉટસ ઍપ પર એક ફોટો આવ્યો, એક પૂજય આચાર્ય ભગવંત પાલખીમાં આશીર્વાદ મુદ્રાએ બિરાજમાન છે. આચાર્ય ભગવંતોએ પાલખી ઊંચકી છે તેમાં એક વૃદ્ધ આચાર્ય ભગવંતના (પાલખી ઊંચકનાર) ચહેરા પર જે પરિશ્રમનાં દર્શન થાય છે તે કોઈ પણ શ્રાવકને સ્તબ્ધ કરી દે તેવું દર્શન છે.

સદી પહેલાં અસ્ત થયેલ યતિપ્રથા તરફ મક્કમ ડગ તો નથી માંડ્યાં ને આપણે?

ગાદીસ્થાનો તો ઘણાં વર્ષો પહેલાં બનાવવાનું પ્રારંભાયું છે, બન્યાં છે, બની રહ્યાં છે.

ગડમથલના આ પ્રશ્નોમાં કદાચ આ પ્રશ્નોના ઉત્તર જે તે સમુદાય પોતે શોધે - પોતાને ઠીક લાગે તેમ નિર્ણય લે તેવો નિર્ણય લેવાય. સમુદાયોને આવા પ્રશ્નોએ નિર્ણય લેવાનું કહેવું તે તો શાસનને સમુદાયોમાં વિભાજન તરફ દોરવાનું મહાકાર્ય થશે, શાસન નહિ રહે - સમુદાયોનું અંધાધૂંધ શાસન બનશે.''

આ કથન અવશ્ય મંથન માગી લે છે. આ બધા પ્રશ્નો છે. છે જ. એનો સત્વરે ઉકેલ લાવવો ખૂબ જરૂરી છે. આધુનિકતાનો આખેઆખો ઊંટ શુદ્ધ ધર્મના તંબૂમાં ઘૂસી જશે તો?

આનો એક જ ઉપાય છે. સત્વરે ચારે ફિરકાનું સંમેલન યોજાય, એમાંથી એક ફેડરેશનનો જન્મ થાય અને એ ફેડરેશન શાસ્ત્રમાન્ય નયમો ઘડે જે સર્વમાન્ય થાય.

લગભગ સાડા ત્રણ સો વરસ પહેલાં આનંદઘનજીએ વ્યથિત હૃદયે ગાયું હતુંઃ

ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં,<br>
તત્ત્વની વાત કરતાં ન લાજે<br>
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં,<br>
મોહ નડીઆ કલિકાલ રાજે.

આ લેખ લખતાં લખનારે એક વેદનામાંથી પસાર થવું પડયું છે. કોઈ જીવાત્માને આ લખાણથી દુઃખ પહોંચ્યું હોય તો આ લખનાર હૃદયથી એ સર્વેની ક્ષમા માગે છે.

જેના રોમરોમથી ત્યાગ અને સંયમની વિલસે છે ધાર<br>
આ છે અણગાર અમારા.<br>
દુનિયામાં જેની જોડ જડે ના એવું જીવન જીવનારા<br>
આ છે અણગાર અમારા.<br>
દીક્ષાની સાથે પંચમહાવ્રત અંતરમાં ધરનારા<br>
મારગ હો ચાહે કાંટાળો, પહેરે ના કાંઈ પગમાં<br>
કાયેથી સઘળા વાળ ચૂંટીને માથેથી મુંડન કરનારા<br>
આ છે અણગારા અમારા.

અમારો આશય માત્ર અને માત્ર સત્ય પ્રગટનો અને દીવાદાંડીનો છે. કદાચ અમારી એ પાત્રતા પણ ન હોય, પરંતુ હૃદયના ભાવને રોકવા અમે અસમર્થ છીએ. પુનઃક્ષમાયાચના.

શાસનની રક્ષા તો આ ધર્માત્મા જ કરવાના છે. આ સર્વ ગુરુજન મહાન આત્માઓ અમારા માટે મોક્ષપથદર્શક છે. અમારા કોટિ કોટિ વંદન હો.

# આજકાલ પ્રતિષ્ઠાને ભોગે પૈસા મેળવવાની વૃત્તિ લોકોમાં કેમ વધતી જાય છે ?

■ નાનુભાઈ સંઘવી

માણસને ઈશ્વરે જીવન પોતાની રીતે ભલે આપ્યું હોય, પણ એ જીવનની પરિભાષા કરવાની અને પોતાની પરિભાષા અનુસાર જીવનનું પરિવર્ધન, પરિવર્તન અને પરિસંસ્કરણ કરવાની સ્વતંત્રતા પણ માણસને આપી છે, એટલે માણસ પોતાની અપેક્ષા મુજબ જીવનની મૂર્તિ કંડારે છે. વાસનાઓનો અતિરેક અને શેતાનિયતનો લોભામણો માર્ગ પણ દેખાડી શકે અને સંયમ અને ચારિત્ર્યથી શોભતાં સાધુત્વ, સૌજન્ય ને નેકનિયતનો ઊર્ધ્વગામી પંથ પણ ચીંધી શકે.

માણસ મનના ઝરૂખા સમક્ષ ભિખારી થઈને ઊભો રહે તો મન એનો સ્વામી બની પોતાને ઈશારે એને નચાવવાનું જ છે, પરંતુ જે મનનો સ્વામી બની ક્ષુદ્ર વાસનાઓને ઈશારે નાચવાને બદલે આત્મસંયમ દ્વારા આત્મોત્કર્ષનાં દ્વાર ખોલવા ઉત્સુક બને છે એ અંતે આત્મવિજયનાં મીઠાં ફળ ચાખી શકે છે. જિંદગી કોઈને મીઠાં ફળ આપતી નથી, એ તો સહજરૂપે આપણી સમક્ષ પ્રગટ થાય છે. આપણે આપણી અપેક્ષાઓ, અનુકૂળતાઓ, ગમા-અણગમાઓ, રાગદ્વેષો અને સુએષણાઓને વશ થઈને ઘટનાનું આપણી રીતે મૂલ્યાંકન કરતાં હોઈએ છીએ. ક્યારેક આરંભમાં સુખદ્ લાગતું અંતે દુઃખદ લાગે છે અને આરંભમાં દુઃખદ લાગતું સમય કરવટ લેતાં સુખદ્ બની જતું હોય છે.

માણસના જીવનમાં એષણાઓ વધે ત્યારે તેનું જીવન પોતાનો પર્યાય ભોગમાં શોધે છે. ભોગ સાધનામાં પૈસો મદદગાર બને છે. પૈસો માણસને ક્ષણિક સુખોના અંબાર વચ્ચે વિહરવાની અનુકૂળતા કરી આપે છે અને જીવનની સુંવાળપ અને ઈન્દ્રિયપ્રદત્ત સુખોની શીતળતાનો અહેસાસ કરાવે છે. પરિણામે મનુષ્ય કામ, લોભ, મોહ વગેરે જેવું જીવન હાજર કરે તેને જ યથાર્થ માની લે છે.

જગત ભોગથી નહિ, પણ ત્યાગથી સુખી બન્યું છે. એટલે આધ્યાત્મિક વિભૂતિઓ કે મહામના મહાપુરુષો પોતાના જીવન દ્વારા, ત્યાગ, સમર્પણ અને બલિદાનના અનુકરણીય આદર્શો રજૂ કરતાં હોય છે. આવા મહાપુરુષોનાં ટોળાં નથી હોતાં, તેઓ અલ્પસંખ્ય જ હોય છે. અત્તરની શીશી હોય અને દારૂની બાટલી! આવા મહાપુરુષોનાં વ્યક્તિત્વ અને કૃતિત્વની મહેક સમાજ અને જગજીવનમાં સંસ્કાર, સંસ્કૃતિ, આત્મોન્નતિ અને જીવનમૂલ્યોની આબોહવા સર્જતી હોય છે.

આજનો યુગ ભૌતિક સુવિધાઓના ખડકલાનો યુગ છે. વૈજ્ઞાનિક પ્રગતિએ માણસને એકએકથી ચઢિયાતી સુવિધાઓ અને સુંવાળપને પંપાળનારાં ઉપકરણો આપ્યાં છે. ભોગેષણાનો માર્ગ લોકોને પ્રિય છે, કારણકે એ તત્કાળ સુખપ્રાપ્તિની ઈચ્છા સંતોષે છે. માણસે મૂલ્યનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, સમર્પણનિષ્ઠ બનવા માટે કંટકછાયા પંથ પરથી પસાર થવું પડે છે. કેવળ ભૌતિક સુખો પાછળ ઘેલો બનેલો મનુષ્ય તપસ્યા અને જીવનની કઠોર વાસ્તવિકતાઓ સામે લડવા માટેનું બળ ગુમાવી બેસે છે, પરિણામે તડકાને બદલે છાંયડો, સમર્પણને બદલે અધિકાર, પરોપકારને બદલે સ્વાર્થ અને પડકાર ઝીલવાની ખુમારીને બદલે પલાયનવાદી શરણાગતિને જ એ જીવનું સર્વસ્વ ગણે છે. માણસ વિકાસની પરિભાષા કેવળ ભૌતિક અને શારીરિક વિકાસ સમજી બેઠો છે, પણ વિકાસનું અત્યંત મહત્ત્વનું તત્ત્વ આત્મિક-આધ્યાત્મિક વિકાસ છે.

એવા વિકાસ સાધક માટે 'મૂલ્ય' એ સર્વસ્વ હશે, પ્રતિષ્ઠા એ જ આભૂષણ હશે, કીર્તિ એ જ જીવતરનું રળતર હશે. પોતે ભલે નષ્ટ થાય, પણ પ્રતિષ્ઠાને હેમખેમ-અકબંધ રાખવા એવો માણસ આકાશ-પાતાળ એક કરશે. કઠોપનિષદે એટલે જ કહ્યું કે ધનના મોહથી બાલિશ બનતા મૂર્ખને મન દુનિયા અને એની મોજમજા જ સર્વ કાંઈ છે.

પૈસાની આળપંપાળમાં પડેલો માણસ આત્મબળ ગુમાવે છે, વિવેક ગુમાવે છે. પ્રાપ્તિ એ જ એને મન સર્વસ્વ હોય છે, પ્રાપ્ત કરવાની રીત નહિ. આજના માણસે પૈસાપ્રાપ્ત લોકોને વૈભવમાં રાચતા, દૂષણયુક્ત હોવા છતાં સર્વગુણ સંપન્નશીલ ગણાતા-મનાતા ને પૂજાતા જોયા છે, પરિણામે એ એમ જ માને છે કે ધન એ જ સર્વસ્વ છે. પ્રતિષ્ઠા, લોકોની ઉપેક્ષા અને અપ્રામાણિકપણું, અમીર માણસની વાહવાહીએ આજના માણસ સામે ગલત આદર્શો ઊભા કર્યા છે અને એવા ભ્રમને જ એ સત્ય માને છે.

# मृत्यु का भय

## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

आगम में सात प्रकार के भय बताये है। ईह लोगा भय, पर लोगा भय, आदाण भय, अकस्मात भय, आजीविका भय, अपयश कीर्ति भय, मरण भय, सातवा भय मरण भय बताया. मनुष्य संसार में मुख्य रुप से सात प्रकार के भय से दुःखी है। हम यहाँ मरण भय की बात कर रहे है। मरना अवश्य है, फिर मृत्यु का भय कैसा? ज्ञानी तो यह बताते है की आत्मा अमर है, मरती नहीं है, शरीर नाशवान है, मृत्यु शरीर का होता है। आत्मा समय समय पर कर्मो के बन्ध की वजह से शरीर को बदलती रहती है। मृत्यु का भय हमें कैसे लगता है, कितना लगता है? हम इस कहानी के माध्यम से चिन्तन करते हैं। पुराने जमाने में किसी शहर में एक राजा राज्य करते थे। राजा प्रजाप्रिय था फिर भी एक राजा होने के नाते उसे अपने राज्य की रक्षा करनी होती है। जनता के सुख-दुःख को देखना पडता है, और नहीं सोचते हुये भी उसे कई लोगों को मृत्युदण्ड देना पडता है। मोत के घाट उतारना पड़ता है। युद्ध करना होता है। कहा गया है राजेश्वरी सो नर्के स्वरी। राज्य करते करते राजा इतने अशुभ कर्मो का उपार्जन कर लेता है की, उसे नर्क में भी जाना पड़ जाता है।

एक दि़न राज्य दरबार में एक महान ज्योतिषी आया। ज्योतिषी की तारीफ पूरे राज्य में फैली हुई थी। उसका कथन हमेशा सत्य होता था। राजा को राज्य करते करते २५-३० साल हो चूके थे। अचानक राजा के मन में विचार आया, क्यों न मैं इस ज्योतिष से अपने भविष्य की बात पूछ लूँ। वैसा ही किया, राजा ने ज्योतिष को बैठने के लिये विशेष आसन दिया, सारी बाते पूछी जाने लगी। राज्य के विषय में चर्चा हुई, परिवार के विषय में चर्चा हुई, और भी कई विषय पर चर्चा करते करते, अन्त में राजा का प्रश्न था की मेरी मृत्यु कब होगी? बस इस प्रश्न को सुनते ही ज्योतिष उदास हो गये। राजा ने उनके उदास होने का कारण जानना चाहा। ज्योतिष ने बताया मृत्यु निश्चित है। राजा बोले इसमें नया क्या है? ज्योतिष ने कहा अब आपके पास सिर्फ सात दिन का ही समय है। राजा अचानक चोंक पड़े, क्या स़िर्फ सात दिन? उसके बाद मेरी मृत्यु? हाँ राजन यह कटु सत्य है। राजा कहने लगे ऐसा कैसे हो सकता है। अभी में स्वस्थ हूँ, मुझे कोई रोग भी नहीं है, इस समय ऐसी कोई आपत्ति भी नहीं है, युद्ध के भी कोई आसार नहीं दिखते है, फिर अचानक मेरी मृत्यु? हाँ राजन। अब राजा को मृत्यु शब्द से घबराट पैदा हो रही थी। और भय की दशा में राजा काँपना लगे, क्या करूँ, कहाँ जाऊ, मृत्यु को कैसे रोकू, ज्योतिष से तरह तरह के सवाल राजा पूछने लगे। एवं इस स्थिति से बचने के उपाय सोचने लगे।

काफी चिंतन के पश्चात भी राजा को मृत्यु का कोई हल नहीं मिल रहा था। अब मन में मृत्यु का स्वीकार करने के अलावा कोई रास्ता दिख नहीं रहा था। ज्योतिष ने भी बताया की मृत्यु को रोकने में कोई समर्थ नहीं है। क्या करे? राजा ने ज्योतिषी से पुनः प्रश्न किया। मरने के बाद मुझे गति तो अच्छी मिलेगी न? मैंने जीवन में कभी कोई गलत कार्य नहीं किये, किसी जीव को सताया नहीं, उत्सुकतापूर्वक राजा ज्योतिषी से पूछने लगे, बताओ मरने के बाद में कहाँ जाउंगा, मेरी उत्पति किस गति में होगी। ''शत्रुओ से लड़नेवाला राजा अब मृत्यु के नाम से काँप रहा था।''

क्या हमारी भी यही परिस्थिति होगी? बस राजा ज्योतिषी की आंखो में आंखो में आंखे डालकर देख रहा था। ज्योतिषी बोले, राजन, आप को राज्य के प्रति, राजमहल के प्रित आसक्ति है और जहाँ आसक्ति होती है वहाँ उत्पति होती है. आपका भविष्य यह बता रहा है कि आपका जन्म आपके महल के पीछे बनी गटर लाईन में कीड़े के रुप मैं होगा। राजा यह बात सुन कर भिन्ना गये। में कौन, राजा? और मर कर कीडा बनना। नहीं, नहीं यह कभी भी नहीं हो सकता है। मैं उस गटर में कीड़ा बनकर कैसे रह सकता हूँ। ज्योति़षी तो भविष्य बता रहे थे, इधर राजा का सिर भविष्यवाणी सुनकर चकरा गया. राजा अपना होंस खो बेठे थे। बस उनकी नजरों के सामने अब गटर के कीड़े ही दिख रहे थे। और कंपकपा कर राजा कहने लगे,

मुझे किडा बन कर गटर में नहीं रहना है। मैं वहाँ क्यां खाऊँगा, मुझे सांस लेने में भी तकलीफ होगी, बदबू में कैसे रह पाऊँगा? ऐसा कुछ उपाय करो की मुझे गटर के कीड़े की जिन्दगी से छुटकारा मिले। ज्योतिषी कह रहा था आपने अपनी मृत्यु का बन्ध कर लिया है, आपके कर्म ऐसे ही हैं, उस में कोई भी क्या कर सकता है। राजा गिडगिडा ने लगा और ज्योतिषी के पाँव पकड कर फुट फुट कर रोने लगा।

ज्यातिषी कहने लगे किसी के पास कोई उपाय नहीं है, आपको वहाँ कीड़ा बनकर रहना ही होगा। तभी राजा कुछ सौच कर ज्याति़षी को बोले, ठीक है, अगर कोई उपाय नहीं है तो गटर में मेरी पहचान क्या रहेगी? गटर में तो बहुत कीड़े होते है, क्या कोई मुझे वहाँ पहचान पायेगा? क्योक़ि में वहाँ रहना नहीं चाहता हूँ। राजा क्या आप और हम कोई भी गटर में रहना नहीं चाहेंगे। बस मुझे पहचान बताओं। मैं अपने सेवको को अभी कह देता हूँ वे मुझे पहचान कर तुरन्त मार डाले, में कीडे के भव से शिघ्र ही मुक्ति चाहता हूँ, चलो जीना तो मेरे हाथ में नहीं है पर क्या मैं अपनी इच्छा अनुसार मर भी नहीं सकता हूँ।

ज्योतिषी कहने लगे आप इस भव में राजा है। इन्सानों में आप की छबी अलग ही दिखती है, ठीक इस प्रकार कीडो में आप पचरंगी कीडा बनोगे जो आम व्यक्ति पचरंगी कीड़े को शीघ्र ही पहचान सकेगा। बस राजा ने आव देखा न ताव, सेवकों को बुलाकर आदेश दे दिया सात दिन के बाद मेरी मृत्यु और मेरी मृत्यु के तुरन्त बाद तुम लोग राजमहल की गटर के पास जाओगे और वहा तुम्हे एक पचरंगी कीडा दिखेगा उसे तुम तुरन्त मार डालना। अपने विश्वासु लोगो को भी बुला कर सारी बातें समझा दी उस कीडे की मरने की पुष्टी हो जानी चाहिये, तभी मुझे सद्‌गती मिलेगी और मेरी आत्मा को शान्ति।

अब राजा के पास समय बहुत कम था। उसे अपनी हैयाति में जो जो काम करने थे वो सारे ही करने लगे। दान-धर्म आदि भी किया। इन सात दिनों में राजा ने मानो सातवां दिन अब सिर के पास आकर खडा था। मृत्यु का भय सता रहा था। हम मृत्यु मृत्यु करते है। मृत्यु के बारे में बहुत कुछ सुनते है। हमने कई लोगों के परिजनों को स्मशान घाट ले जा कर उनकी अंतिम क्रिया कर दी उस समय थोडा सा मषाणया वैराग आता है, और घर आने पर फिर सारी बाते भूला दी जाती है। व्यक्ति फिर से संसार के चक्र में उलझ जाता है। लेकीन वास्तविक मृत्यु का भय इस आत्मा को तब लगता है जब मृत्यु अपने सिरहाने खडी होती है, उस समय आत्मा भगवान को क्या भलभले को याद करती है, अनुनय, विनय करती है, और उससे छुटकारा पाने का उपाय सोचती है।

ज्योतिषी के कहे अनुसार राजा की मृत्यु हो चूकी थी। वफादार सेवक तुरंत राजमहल की गटर की तरफ दौड गये और वहा जाकर क्या देखते हैं, कीडो के झुँड में एक पचरंगी कीडा चल रहा है, उसे तुरन्त मारना है, क्योक़ि ये राजा का आदेश था। अब कीडे को मारने के लिये बन्दुक की आवश्यकता तो नहीं? सेवक गटर के पास बैठ कर एक लकडी के टुकडे से उस कीडे को मारने का प्रयास करने लगा किन्तु कीडा उस लकडी को नजदीक आते देख भागने लगता था। बस सेवक लकडी जैसे जैसे आगे बढाता है कीडा वैसे वैसे आगे भागता जाता है और छुपने का प्रयत्न करता है।

बंधुओ कथा सार यही है आत्मा किसी भी योनी में मरना नहीं चाहती है, क्योकि मृत्यु का भय असह्य होता है। हमें किसी भी जीव को मारने के पहले सोचना होगा। हम जीवो को मृत्यु का भय देते है और उससे जो हम कर्म उपार्जन कर लेते है उसे भोगने के लिये भी हमें तैयार रहना होगा। हमें भी बार बार इस भय से गुजरना होगा। तब हमें कितनी पीडा होगी जरा सोंचे? एवं मृत्यु के भय से बचने का प्रयास करें। कई बार हम अपने हाथ निचे काम करने वाले लोगों को इतना डराते-धमकाते है की उनको मृत्यु का भय सताने लगता है। किसी भी जीव का प्राण लेना ही उस जीव की मृत्यु हुई ऐसा नहीं समझना है। अपितु बारबार डराते-धमकाते रहने पर भी उस जीवको मृत्यु जितनी ही पीडा होती है। और यह पीडा हम अनेक जीवों को देकर जो कर्म का बन्ध कर लते हैं उससे हमको बार बार मरना पडेगा और मृत्यु के भय का सामना करना पडेगा

## BIO DATA



**Name** : **AAKASH VIJAYBHAI SHAH**
**Father** : Vijaybhai Kantilal Shah
**Mother's Name** : Jayshriben Vijaybhai Shah
**Date of Birth** : 14th September 1984
**Birth Time** : 1.35 pm
**Place of Birth** : Ahmedabad
**Height** : 5.'6"
**Weight** : 65 kg.
**Native Place** : Mahuva (Saurastra)
**Qualification** : S.S.C.
**Business** : Property & Real Estate Consultant Mumbai (Modern Estate)
**Grand Father** : Late Shri Kantilal Kalyanji Shah
**Mosal** : Tushar S. Shah Khajurini Pole Kalupur (Ahmedabad)
**Caste** : Goghari Visha Shrimali Jain
**Religion** : Jain (Deravasi)
**Address** : 1501/A Shilp Tower, Near Deepak Cinema, Opp. Jain Temple, P.B. Marg, Lower Parel (West), Mumbai-400 013.
**Contact No.** : 08689888798
E-**mail Address** : aakashshah14@gmail.com Shah.aakash14@yahoo.in
Indira Harendra Shah (Aunty) : 09702284500 / 9930790092
Rajesh Kantilal Shah (Uncle) : 09892387267

ADVT.

## BIO DATA



**Name** : **DR. KOMAL HITEN SHAH**
**Bd/Bp/Bt** : 14-9-1990 / Ahmedabad / 9.07 AM
**Height** : 5'-3" * **Weight** : 57 kg
**Degree** : PHYSIOTHERAPIST, B.P.Th., M.I.A.P.
**Religion** : Jain - Deravasi (Murtipujak)
**Caste** : Shree Dasha Shreemali Betalis Jain
**Address** : 1/33, Laxmi Estate Society, Varma Nagar, Old Nagardas Road, Andheri (East), Mumbai-400 069, India.
**Telephone(R)** : 022-2683 3777.
**Mobile** : 9821018579 (Hiten), 9757267945 (Jyoti)
**E-mail** : hitenks63@gmail.com.
**Education** : Bachelor of Physiotherapy from M.G.M. School of Physiotherapy, Stood 3th in the final year, has done several Projects and papers submitted.
**Work Experience** : Working as Physiotherapist at Criticare Hospital at Andheri (East).

**Family Details :**

**Father** : Hiten Kantilal Shah (B.Com., D.B.M.)
**Mother** : Jyoti Hiten Shah (B.A.)
**Sister** : Sheetal Hiten Shah (B.P.Th.)
**Brother** : Jainam Hiten Shah (XIIth)
**Grandfather** : Late Kantilal Manilal Shah (B.Pharm)
**Grandmother** : Subhadra Kantilal Shah
**Native Place** : Mudarda, Near Mehsana, Gujrat
**Mosal** : Jayantilal Gandalal Shah (Titoda)

**Further Information:**

**Motapapa** : Jayesh Kantilal Shah-Pathological Laboratory
**Kaka** : Snehal Kantilal Shah - Director-Fisher Rosemount
**Mama** : Kamlesh Jayantilal Shah-Ahmedabad Rajesh Jayantilal Shah-Ahmedabad
**Masi** : Mita Hitendra Shah (Maknaj) - Vile Parle (W) Bhavna Ragesh Shah (Balva)-Ahmedabad

ADVT.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | અમિત નરેશભાઈ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૭''<br>બી.કૉમ., - | દેરાવાસી શ્વે.મૂ.વીસા ઓશવાળ<br>પાલનપુર - બોરીવલી | (મો) ૮૨૯૧૩૮૩૮૭૮<br>(મો) ૯૩૨૦૮૭૪૯૧૧ |
| ૨) | ચિરાગ અરવિંદભાઈ ભીમાણી, ૨૭-૪-૧૯૮૪, ૫'-૭''<br>બી.કૉમ.,- છૂટાછેડા | દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>લાથી - કોલકાતા | (ઘર) —<br>(મો) ૦૯૮૩૦૮૦૩૬૬૮ |
| ૩) | ચેતન હસમુખભાઈ શાહ, ૨૯-૭-૧૯૭૫, ૫'-૬''<br>બી.કૉમ., -(છૂટાછેડા) | દેરાવાસી જૈન<br>બોટાદ – બોરીવલી | (ઘર) —<br>(મો) ૯૮૧૯૬૫૭૦૪૯ |
| ૪) | ચેતન જગદીશભાઈ શાહ, ૧-૬-૧૯૮૬, ૬'-૦''<br>બી.કૉમ., એમ.કૉમ., એમ.બી.એ. | પોરબંદર દશા શ્રીમાળી જૈન<br>પોરબંદર - સાંતાક્રુઝ | (ઘર) —<br>(મો) ૯૭૭૩૨૫૮૬૪૨ |
| ૫) | હેમલ જયંતભાઈ શાહ, ૨૨-૯-૧૯૮૪,<br>બી.ઈ.આઈ.ટી., - | દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>- દહિસર | (ઘર) ૨૮૯૭૨૩૦૧<br>(મો) ૯૫૯૪૦૧૫૧૨૪ |
| ૬) | જય રાજેન્દ્રભાઈ શાહ, ૨૫-૨-૧૯૮૭, ૫'-૧૦''<br>એમ.એસ., – | જૈન<br>વીજાપુર - મુંબઈ | (ઘર) —<br>(મો) ૯૩૨૨૨૨૭૫૯૧ |
| ૭) | મીનય મહેશભાઈ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦''<br>એમ.બી.એ., બી.એમ.એસ., - (છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>દીહોર – ભાઈંદર | (ઘર) —<br>(મો) ૯૩૨૦૫૪૪૩૫૧ |
| ૮) | નિલેશ રસિકલાલ મહેતા, ૧૩-૬-૧૯૮૪, ૫'-૪''<br>બી.કૉમ.,એમ.કૉમ., ઈન્ટર સી.એ. - | દશા શ્રીમાળી જૈન<br>મોરબી – ભાઈંદર | (ઘર) —<br>(મો) ૯૮૨૧૦૫૮૦૯૦ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | ધરા રાજેશભાઈ શાહ, ૨૮-૪-૧૯૮૬, ૫'-૬''<br>બી.ઈ., - (મંગળ છે) | દશા શ્રીમાળી જૈન<br>વાપી – મુંબઈ | (ઘર) —<br>(મો) ૯૮૩૩૮૮૦૫૫૦ |
| ૨) | ધ્વનિ ભરતકુમાર શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>એમ.કૉમ., - (છૂટાછેડા) | શ્રી કંકોર વીસા શ્રીમાળી જૈન<br>સુરત – ઘાટકોપર | (ઘર) —<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૩) | ઈશા કેતનભાઈ શાહ, ૩-૮-૧૯૯૧ ૫'-૭''<br>ઍડ્વોકેટ ઍન્ડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, - | ઘોઘારી વિશા ઓસવાળ દેરા.જૈન<br>– માટુંગા | (ઘર) —<br>(મો) ૯૩૨૨૨૬૨૪૦૯ |
| ૪) | જલ્પા જયકાંતભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૩''<br>બી.કૉમ., - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શીહોર – ગોરેગામ | (ઘર) —<br>(મો) ૯૩૨૩૩૩૪૩૦૭ |
| ૫) | મેઘા રાજેન્દ્રભાઈ શાહ, ૭-૬-૧૯૮૪, ૫'-૨''<br>એમ.એમ.એસ., - | જૈન<br>વીજાપુર – મુંબઈ | (ઘર) —<br>(મો) ૯૩૨૨૨૨૭૫૭૧ |
| ૬) | ટ્વીન્કલ ભરતભાઈ શાહ, ૧૩-૯-૧૯૮૫, ૫'-૩''<br>બી.કૉમ., સી.એ., - | —<br>શિહોર – બોરીવલી | (ઘર) —<br>(મો) ૯૩૨૩૧૨૧૫૬૩ |

# Enjoy Holidays with Gem Travels

## Splendid South Africa
**09 N / 10 D**



**₹115999/-** Departure Every Wednesday

## Only Seychelles
**05 N / 06 D**



**₹90000/-** Departure Every Thursday

## Italy with Swiss
**10 N / 11 D**



**EURO 1549** + Airfare + Visa Taxes Departure:Every Sunday

## Beauty Europe
**08 N / 09 D**



**₹49999/- + Euro 1150** Departure Every Thursday & Sunday

## Amazing New Zealand
**13 N / 14 D**



**₹80000/- + NZD 2559**

## DUBAI
**05 N / 06 D**



**₹50000/-** Daily Departure

**INCLUSION: Accommodation, All Meals, All Sightseeing, All Transfers, Services of Indian Tour Manager & Indian Chef, Visa, Tips.**

ADVT.

**GEM**™ TOURS & TRAVELS PVT. LTD *The Luxury Tour Co.*

- Hemang Doshi +91 9322216626 • Virag Shah +91 9821065854
- Hemen Kanthawala +91 9819084064 • Dolly Jain +91 9004703237

*Address:15th Floor, A wing, Naman Mid Town, Next to India Bulls Finance Centre, Senapati Bapat Marg, Elphinston Road (W), Mumbai 400013. India. Website: www.gemtravels.com*

**HUGHES ROAD:** (022) 2367 7070, **DELHI:** +011 40540012/13, **PARLE:** (022) 26178400, **KHAR:** +91 8291619279, **KANDIVALI:** +91 9920133567, **VASHI:** +91 91 22 41237070, **PUNE:** +91 9326222552, **CHENNAI:** +91 44 26401780, **AHMEDABAD:** +91 792 646 0300, **SURAT:** +91 2613913900, **JAMNAGAR:** +91 9426207014, **BANGALORE:** +91 9840045533, **VASHI:** +91 22 41237070, **GURGAON:** 01244141468

Price Rs.5-00
Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/02/2016
JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018

Celebrating 20 years 1996-2016
Find us on :

www.flamingotravels.co.in
*not just a business, but a philosophy*
FLAMINGO®
transworld pvt. ltd.

"IT'S NOT ALWAYS ABOUT THE LOWEST PRICE,
IT'S ABOUT PAYING RIGHT, TO CREATE THE PERFECT MOMENTS"




બીજા ડેસ્ટીનેશન : યુરોપ | અમેરિકા | ઓસ્ટ્રેલિયા | ન્યુઝીલેન્ડ | કાશ્મીર | લેહ-લદાખ | સિક્કિમ | ડાર્જલીંગ | કેરાલા

અમારી સર્વિસીસ : સ્વાદિષ્ટ જૈન અને શાકાહારી ભોજનની સુવિધા | ફ્લેમિંગોના પોતાનાં ગુજરાતી ટુર મેનેજરો લક્ઝુરીયસ હોટેલ્સ | સર્વશ્રેષ્ઠ આલીશાન કોચીસ | વેલ્યુ ફોર મની ટુર્સ

ADVT. www.advistamarcom.com

મુંબઈ ઓફિસ : 905, 9મો માળ, કે.પી. ઑરમ, સેવન હીલ્સ હોસ્પિટલ પાસે, મરોલ મરૂષી રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ

PALAK - 7506513313

022-29200246 | 29200247 | 29200248 | 29259595



Printed & Published by : SANJAY B. SHAH on behalf of JAIN JAGRUTI CENTRE, Printed at ARIHANT PRINTING PRESS, Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : CHANDRAKANT F. SHAH